*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

卐 दंसणमूलो धम्मो 卐

[ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે ]


આત્મધર્મ

[ ૩૮૬ ]


## ગણધરો તથા શ્રુતધરોએ કથેલું પરમ તત્ત્વ

“ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ નિયમસારમાં કહે છે કે ‘સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં જિનેશ્વરદેવની આ વાત, પૂર્વાપર વિરોધ આદિ સૌ દોષ રહિત, જાણીને કહી છે.’ અને ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારીદેવ ટીકા કરતાં કહે છે કે ‘ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાએલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ? ’ અર્થાત્ આ શાસ્ત્રની ટીકામાં કહેલા ભાવોનું-વસ્તુસ્વરૂપનું નિરૂપણ અમે નવું કર્યું નથી પણ ગણધર આદિ શ્રુતધરોની પરંપરાથી ચાલ્યું આવે છે. એવા આ પરમાગમમાં એમ કહ્યું છે કે કારણપરમાત્મા તે જ ખરેખર આત્મા છે અને કારણપરમાત્મા જ ખરેખર મોક્ષમાર્ગનો હેતુ છે. અહીં ત્રિકાળી પરમપારિણામિકભાવને ધ્યેય બતાવવું છે, તેથી પ્રગટ થતી મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય તેમ જ પરસ્વભાવ કહીને આશ્રય કરવા યોગ્ય નથી-એમ કહ્યું છે. જેમ પરદ્રવ્યના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી તેમ નિર્મળ પર્યાયના આશ્રયથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી, તેથી તેને પરસ્વભાવ તથા પરદ્રવ્ય કહ્યું છે. અહીં ભગવાનની ગાદીએ બેસીને અંદરથી વાત આવે છે તે પરમાત્માની કહેલી આવે છે. આજે અહીં બેસતાની સાથે જ વિચાર આવ્યો હતો કે પ્રભો! આ વાત આપની જ છે.”

[ ખૂબ જ પ્રસન્નતાપૂર્વક પૂ. ગુરુદેવના અંતરસ્પર્શી હૃદયોદ્‌ગાર,

તા. ૭-૧૨-૭૫ ના પ્રવચનમાંથી. ]


તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૨, માગશર ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૩ : અંક ૨

# વિવિધ સમાચાર

❀ અનંતા સિદ્ધ ભગવંતોને શ્રોતાના આત્મામાં સ્થાપીને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિ કરાવતું, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત જે પરમાગમ શ્રી સમયસાર શાસ્ત્ર, તેના પર કારતક વદી ૧૦ ને શુક્રવારના રોજ, ભગવાન શ્રી મહાવીરસ્વામીના દીક્ષાકલ્યાણકના પવિત્ર દિને, પરમપૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સભામાં ૧૮ મી વખત અધ્યાત્મપીયૂષઝરતા પ્રવચનોની અત્યાનંદોલ્લાસકારી મંગલ શરૂઆત થઈ છે.

આ પરમાગમનો મહિમા કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે આ સમયસાર શાસ્ત્ર અદ્વિતીય અક્ષય જગત્–ચક્ષુ છે. અને પૂ. ગુરુદેવ સં. ૧૯૭૮માં આ પરમાગમનું પ્રથમ વાર વાંચન કરતા હતા ત્યારે વાંચતા આનંદોદ્ગાર સ્ફૂર્યા હતા કે 'અહો ! આ તો આત્માને અશરીરી બનાવનારું પવિત્ર શાસ્ત્ર છે'

❀ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સુખ–શાંતિમાં બિરાજી રહ્યા છે. તા. ૨૭–૧૧–૭૫ના રોજ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર પર પ્રવચનો પૂર્ણ કરીને તા. ૨૮–૧૧–૭૫ના સવારે પરમાગમ શ્રી સમયસાર શાસ્ત્ર પર પ્રવચનની મંગલ શરૂઆત થઈ છે. બપોરે શ્રી નિયમસાર શાસ્ત્રનો પરમ ભક્તિ અધિકાર પૂરો કરીને નિશ્ચય–પરમાવશ્યક અધિકાર પર પ્રવચનો ચાલી રહ્યા છે.

## શ્રી વર્ધમાનસ્વામી-જિનબિંબ-પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

શ્રી મહાવીર ભગવાનના મંગલ વિહારથી પાવન થયેલી સૌરાષ્ટ્રની પ્રાચીન ઐતિહાસિક નગરી વઢવાણશહેર (વર્ધમાનપુરી) માં નિર્માઈ રહેલા નૂતન વિશાળ ભવ્ય શ્રી વર્ધમાનસ્વામી–દિગંબર–જિનમંદિરની શ્રી જિનબિંબપંચકલ્યાણક–પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત ફાગણ સુદ ૮, સોમવાર તા. ૮–૩–૭૬ પ્રાતઃ ૯–૧૫ થી ૯–૪૫ આવ્યું છે. (વઢવાણશહેર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પાવન જન્મભૂમિ છે. પૂજ્ય બહેનશ્રીની જન્મભૂમિમાં થનાર શ્રી જિનબિંબપંચકલ્યાણક–મહોત્સવનો લાભ લેવાની ઘણાં મુમુક્ષુ ભાઈ–બહેનોની ભાવના છે. તેને અનુલક્ષીને ઉનાળાની રજાઓમાં આ મંગલ ઉત્સવ રાખવાનો વિચાર હતો. પરંતુ ફાગણ સુ. ૮ પછી પંચકલ્યાણકપ્રતિષ્ઠાનું મુહૂર્ત આવતું નથી; તેથી ઉપરોક્ત મુહૂર્ત નક્કી રાખવામાં આવ્યું છે.) આ પ્રતિષ્ઠામહોત્સવ ફા. સુ. ૧ થી ફા. સુ. ૮, તદ્દનુસાર તા. ૧–૩–૭૬ થી તા. ૮–૩–૭૬ સુધી ઉજવાશે.

ગિરધરલાલ નાગરદાસ શાહ,

-પ્રમુખ, શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, વઢવાણશહેર.

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક ૨

આત્મધર્મ

વીર સં. ૨૫૦૨
: માગશર :
ઇ. સ. 1975
DEC.

## નિજ શુદ્ધ આત્માને પર્યાયમાં ઉપાદેય કરવો તે જ સાચો નમસ્કાર છે.

**આજે સવારે સભામાં શ્રી સમયસાર શાસ્ત્ર પર પ્રવચન શરૂ કરતાં, પૂ. ગુરુદેવે માંગલિકરૂપે કહ્યું કે “આજે સમયસાર અઢારમી વખત (સભામાં) વંચાય છે. આજે મહાવીરપ્રભુનો દીક્ષાકલ્યાણકનો દિવસ (કારતક વદ ૧૦) છે. પરમબ્રહ્મ ભગવાન આત્મા એ વાચ્ય છે અને શબ્દબ્રહ્મ-વાણી એ વાચક છે. ‘સમયસાર’-શબ્દો એ વાચક છે અને પૂર્ણાનંદનો નાથ-પ્રભુ નિજ શુદ્ધાત્મા વાચ્ય છે. આ ‘સમયસાર’ શાસ્ત્ર મહા મંગલરૂપ છે, પવિત્રતાને પ્રાપ્ત કરાવે અને અપવિત્રતાનો નાશ કરાવે એવા મંગળરૂપ પ્રસિદ્ધ છે. સમયસાર ભરતક્ષેત્રનું અદ્વિતીય જગત-ચક્ષુ છે, અજોડ શાસ્ત્ર છે.” તા. ૨૮-૧૧-૭૫ ના પ્રવચનમાંથી**

**ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવકૃત શ્રી સમયસારશાસ્ત્રની ‘આત્મખ્યાતિ’ નામની ટીકા કરતાં ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ માંગલિકરૂપે કળશ કહે છે:**

नम: समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

**અહીં આચાર્યદેવે અસ્તિથી માંગલિક કર્યું છે, નાસ્તિની વાત જ કરી નથી.**

ત્રિકાળી નિર્મળ શુદ્ધ વસ્તુ તે દ્રવ્ય, ત્રિકાળી નિર્મળ જ્ઞાનસ્વભાવ તે ગુણ ને તેના શુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટતી સ્વાનુભૂતિની નિર્મળ દશા તે પર્યાય;–એમ અસ્તિથી માંગલિક કર્યું છે. તેમાં જીવ, સંવર, નિર્જરા ને મોક્ષની અસ્તિ સિદ્ધ થઈ ત્યાં બીજાની (અજીવ, આસ્રવ વગેરેની) નાસ્તિ આવી ગઈ. 'આ છે, સત્ છે, છે...છે'–એમ દ્રષ્ટિમાં અસ્તિનું જોર આવતાં નાસ્તિનું જ્ઞાન આવી ગયું. એકલા અસ્તિનું માંગલિક કર્યું તે એમ સિદ્ધ કરે છે કે અસ્તિની મુખ્યતાની જરૂર છે, નાસ્તિની મુખ્યતાની જરૂર નથી.

**'नमः समयसाराय'** એમ માંગલિકરૂપે નમસ્કાર કર્યા. કોને નમસ્કાર કર્યા?–કે જીવ નામનો પદાર્થ અર્થાત્ 'સમય', તેમાં 'સાર' અર્થાત્ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત;–એવું જે શુદ્ધ આત્મતત્ત્વ તે 'સમયસાર' છે, તેને નમસ્કાર કર્યા છે. સાધકને પોતાના શુદ્ધ આત્માની દ્રષ્ટિ થઈ છે તેથી તે એમ જાણે છે કે પૂર્ણ વીતરાગી સિદ્ધ પરમાત્મા પણ આવું જ શુદ્ધ ત્રિકાળી આત્મદ્રવ્ય છે. આમ, 'नमः समयसाराय' કહીને પોતાના શુદ્ધ આત્માને તથા સિદ્ધ પરમાત્માને નમસ્કાર કર્યા છે. મારો શુદ્ધ આત્મા જ ઇષ્ટદેવ છે, ઇષ્ટગુરુ છે ને પરમેષ્ઠિ છે; તેને હું નમસ્કાર કરું છું. શુદ્ધ સત્તાસ્વરૂપ, જિનરાજસ્વરૂપ નિજ શુદ્ધાત્મવસ્તુની સન્મુખ થઈને નમસ્કાર કરું છું.

હવે કહે છે કે, કેવો છે તે શુદ્ધ આત્મા?

**'भावाय'** અર્થાત્ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. અનંતગુણો સત્તાસ્વરૂપે વસ્તુમાં છે એમ સિદ્ધ કર્યું. કોઈ એમ માને કે સર્વથા અભાવસ્વભાવી છે તો તેમ નથી. પરથી અભાવસ્વભાવી હોવા છતાં પોતાના અનંતગુણની સત્તાસ્વરૂપ વસ્તુ છે.

વળી તે કેવો છે?

**'चित्स्वभावाय'** એટલે કે જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે એવો તે શુદ્ધ આત્મા છે. ચેતનાગુણરૂપ વસ્તુ કહેતાં ગુણ–ગુણીને સર્વથા ભિન્નરૂપ માનનાર નૈયાયિકમતનો નિષેધ આવી ગયો.

વળી, જેને અત્રે નમસ્કાર કર્યા છે તે શુદ્ધ આત્મા કેવો છે તે સમજાવતાં વિશેષ કહે છે કેઃ

**'स्वानुभूत्या चकासते'** તે શુદ્ધ આત્મા પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે; એમ કહીને નમસ્કારની વિધિ સમજાવી છે. પોતાની જ અનુભવનરૂપ ક્રિયા વડે પ્રકાશે છે, નમસ્કાર કરે છે. પોતાને પોતાથી જ જાણે છે, દેખે છે. અનુભૂતિ તે પોતાની પર્યાય છે, તેના વડે દ્રવ્યને પ્રકાશે છે, વ્યવહાર વડે

નિશ્ચય સાધ્ય છે એટલે કે અનુભૂતિ તે પર્યાય છે તેથી તે વ્યવહાર છે ને દ્રવ્ય તે નિશ્ચય છે. નિશ્ચય એવા શુદ્ધ દ્રવ્યનો વ્યવહાર અર્થાત્ પર્યાય આશ્રય કરે ત્યારે અનુભૂતિ પ્રગટે છે. નિત્યનો આશ્રય અનિત્ય કરે ત્યારે અનિત્યમાં નિત્ય જણાય છે. શુભ રાગથી કે બાહ્ય ક્રિયાથી આત્મા જણાતો નથી, તેમ આ વિશેષણથી સિદ્ધ થયું.

સંવર અધિકારમાં તો એમ કહ્યું છે કે, જાણનક્રિયા તે આધાર છે તે દ્રવ્ય તે આધેય છે. ત્યાં આશ્રયની વાત નથી પણ શેમાં-કોનામાં જણાય છે તે અપેક્ષાની મુખ્યતાથી ત્યાં વાત છે. ધ્રુવ વસ્તુ પોતે ધ્રુવ વસ્તુને જાણતી નથી પણ પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે તેમ દર્શાવ્યું છે. તેમ અહીં પણ એમ કહ્યું કે સ્વાનુભૂતિથી વસ્તુ પ્રકાશે છે, એટલે કે અનુભૂતિની પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. પરંતુ અનુભૂતિની અર્થાત્ પર્યાયની દૃષ્ટિ કરવાથી ધ્રુવ વસ્તુ પ્રકાશે છે એમ અહીં કહેવું નથી. નિર્મળ પર્યાય વસ્તુનો આશ્રય કરે છે ત્યારે તે નિર્મળ પર્યાયમાં વસ્તુ જણાય છે; જાણનારી પર્યાય હોવાથી પર્યાય દ્વારા દ્રવ્ય પ્રકાશે છે તેમ કહ્યું છે.

આ વિશેષણથી-'स्वानुभूत्या चकासते' એવા વિશેષણથી આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ માનનાર મતનો નિષેધ થયો. વસ્તુસ્વરૂપ જ પ્રત્યક્ષ છે, તેથી પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. પ્રત્યક્ષસ્વરૂપી વસ્તુ પર્યાયમાં પ્રત્યક્ષ જણાય છે. પ્રકાશ નામનો ગુણ છે, શક્તિ છે, તેથી પ્રત્યક્ષ સ્વસંવેદન થઈ શકે છે. પરના આશ્રય વિના પ્રત્યક્ષ અનુભવ થઈ શકે છે. સમ્યગ્દર્શન પ્રતીતિરૂપ છે ને તે કાળની મતિ-શ્રુતની પર્યાયમાં પ્રત્યક્ષ જણાય એવો જ વસ્તુસ્વભાવ છે. જ્ઞાન, શ્રદ્ધા વગેરે ગુણોની પર્યાય સ્વ-વસ્તુ તરફ ઢળી એટલે સ્વાનુભૂતિની દશામાં વસ્તુ પ્રત્યક્ષ થઈ ગઈ.

હવે, 'सर्वभावान्तरच्छिदे' એ વિશેષણ દ્વારા કહે છે કે, આત્મા પોતાથી અન્ય એવા સર્વે ભાવોને એક સમયમાં જાણે. પોતાના ભાવને તો સ્વાનુભૂતિથી જાણે પરંતુ તેનાથી અનેરા અનંત જીવ-અજીવ, ચર-અચર પદાર્થોને સર્વ ક્ષેત્ર-કાળ સંબંધી, સર્વ વિશેષણો સહિત એટલે કે તેના અનંત ગુણ-પર્યાયો સહિત એક જ સમયે જાણે એવી શક્તિવાળો છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય આખા લોકાલોકને દ્રવ્ય-ગુણ-પર્યાયના વિશેષો સહિત એકીસાથે એક સમયમાં જાણી લે એવી શક્તિવાળો શુદ્ધ આત્મા છે; તે જ પરમદેવ છે, ને તે જ પરમગુરુ છે.

આ વિશેષણથી સર્વજ્ઞનો અભાવ માનનારા મતનો નિષેધ થયો. આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયની અસ્તિ સિદ્ધ કરીને શુદ્ધ આત્મા જ ઇષ્ટદેવ છે, તેમ કહીને તેને નમસ્કાર કર્યા છે.

# નિજ શુદ્ધાત્માને જાણતાં સાચું જ્ઞાન થાય છે, સાચું સુખ થાય છે

**[ તા. ૨૯-૧૧-૭૫ ના પ્રવચનમાંથી ]**

સમય એટલે જીવાદિ પદાર્થ, તેમાં સાર એટલે ઉપાદેય એવું ત્રિકાળી શુદ્ધ જીવતત્ત્વ. ઉપાદેય કોણ?–કે શુદ્ધ જીવ તે જ ઉપાદેય છે. કોને ઉપાદેય છે?–પર્યાયમાં શુદ્ધ આત્મા ઉપાદેય છે. ઉપાદેય તત્ત્વને પોતે ઉપાદેય ન હોય, પર્યાયને શુદ્ધ જીવતત્ત્વ ઉપાદેય છે; પર્યાય ધ્રુવનો સ્વીકાર કરે છે.

ત્રિકાળી શુદ્ધ આત્માનો પર્યાયે સ્વીકાર કર્યો, ત્યાં તેને નમસ્કાર આવી ગયા. વિકલ્પથી 'શુદ્ધ આત્માને નમસ્કાર કરું છું' એમ નહીં, પરંતુ પરમાર્થે હું પોતે જ ઇષ્ટદેવ શુદ્ધાત્મા–છું એમ પર્યાયમાં સ્વીકાર કરવો તેને નમસ્કાર કર્યા કહેવાય.

સમય શબ્દ જીવાદિ પદાર્થને લાગુ પડે છે પણ સારપણું તો માત્ર ત્રિકાળી શુદ્ધ જીવવસ્તુને જ લાગુ પડે છે–ઘટે છે. સાર અર્થાત્ હિતકારી અને હિતકારી એટલે સુખદાયક; એને જાણનારને સાચું સુખ થાય છે, સાચું જ્ઞાન થાય છે;–એમ પંડિતશ્રી રાજમલજીએ કળશટીકામાં ( આ પ્રથમ કળશમાં ) કહ્યું છે.

સિદ્ધને પણ સુખ છે જ, પણ સિદ્ધ તો પર વસ્તુ છે, તેને જાણતાં પરલક્ષી જ્ઞાન થાય છે. પરલક્ષી જ્ઞાનથી સુખ કેમ થાય? અષ્ટપાહુડમાં કહ્યું છે 'सदव्वाओ सुगई परदव्वाओ दुग्गई' અર્થાત્ અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે તે પરલક્ષી જ્ઞાન છે, સાચું જ્ઞાન નથી, માટે સાચું સુખ નથી. અરિહંત જેવો ત્રિકાળ શુદ્ધસ્વભાવી, સુખસ્વભાવી નિજ આત્મા છે–એમ પર્યાયનું લક્ષ છોડીને તથા ગુણને દ્રવ્યમાં અભેદ કરીને સિદ્ધ સદ્રશ પોતાનું ધ્રુવસ્વરૂપ જાણે ત્યારે સાચું જ્ઞાન થાય છે, ત્યારે સાચું સુખ થાય છે અને ત્યારે જ પર્યાયમાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે.

ત્રિકાળી શુદ્ધ આત્મા તે જ ઉપાદેય છે, અને તેનો પર્યાયમાં સ્વીકાર કર્યો તે જ નમસ્કાર છે. ત્રિકાળી નિજ શુદ્ધાત્માને શુદ્ધ પર્યાયયુક્ત માનવો અર્થાત્ શુદ્ધ પર્યાય સહિતના ધ્રુવ આત્માને ઉપાદેય માનવો–ત્યાં પર્યાય સહિતપણું તે ઉપાધિ છે, મેચક છે, મલિન છે, અશુદ્ધ છે, વ્યવહાર છે; તેને ઉપાદેય માનનારને સાચું જ્ઞાન થતું નથી, તેથી સાચું સુખ પણ થતું નથી ને સ્વાનુભૂતિ પણ થતી નથી.

બીજા શુદ્ધ જીવનું લક્ષ કરે તો સાચું જ્ઞાન ન થાય, પણ પોતે જ શુદ્ધ જીવ છે, ત્યાં પર્યાયનું વલણ કરે ત્યારે સાચું જ્ઞાન થાય. શાંતિનો સાગર ધ્રુવ તત્ત્વ છે તેનો આશ્રય કરે તો શાંતિ થાય. સુખ–શાંતિ મેળવવાનો આ એક જ ઉપાય છે. જેઓએ ત્રિકાળી શુદ્ધ આત્માને લક્ષમાં લીધો નથી તે બધા ચાલતાં મડદાં છે એમ ભાવપાહુડમાં કહ્યું છે.

નિજ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યતત્ત્વ વસ્તુ પોતે જ પોતાને ઉપાદેય છે. નિશ્ચયથી તો મોક્ષની પર્યાય પણ આશ્રય–આલંબન માટે હેય છે, સંવર–નિર્જરાની ( સ્વાનુભૂતિની ) પર્યાય પણ હેય છે. નિશ્ચયથી તો નિજ ભગવાન શુદ્ધાત્મા પોતે જ ઉપાદેય છે. દ્રવ્ય, દ્રવ્યથી પ્રકાશતું નથી કે ગુણથી પ્રકાશતું નથી કારણકે તે ધ્રુવ છે, સ્વાનુભૂતિની પર્યાય દ્વારા પ્રકાશે છે; પણ તે પર્યાય ધ્રુવનો આશ્રય લે છે ત્યારે પર્યાયમાં વસ્તુ પ્રકાશે છે–પ્રગટે છે.

આ તો ત્રણલોકના નાથનું કહેણ છે. ત્રણલોકના નાથ પર્યાયનું દ્રવ્ય સાથે લગ્ન કરાવે છે. તારે નિર્મળ પર્યાય સાથે લગ્ન કરવા હોય તો પર્યાયનું સગપણ શુદ્ધાત્મદ્રવ્ય સાથે કર એમ કહે છે.

સર્વજ્ઞ વીતરાગી દેવની સ્તુતિ કરતી વખતે ઇન્દ્ર ૧૦૦૮ નામો વડે સ્તવન કરે છે. અહીં ભાવાર્થમાં સર્વજ્ઞને અનેક નામ દ્વારા નમસ્કારથી, તે સર્વ નામો કથંચિત્ સત્યાર્થ હોવાથી, સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી એમ સિદ્ધ કર્યું છે. તે દરેક નામ પ્રગટેલી પર્યાય અપેક્ષાએ કહેવાય છે. ખરેખર તો વસ્તુનું સ્વરૂપ જ તે–તે ગુણસ્વરૂપી હોવાથી તેના આશ્રયે તે–તે પર્યાય પ્રગટે છે. સર્વજ્ઞને નિરંજન, નિષ્કલંક વગેરે કહેવાય છે. વસ્તુનું સ્વરૂપ ત્રિકાળી નિષ્કલંક જ છે, તેના આશ્રયે પૂર્ણદશા પ્રગટ કરી માટે તેમને નિષ્કલંક કહેવામાં આવે છે. ચારિત્રપાહુડમાં સર્વજ્ઞની પર્યાયને અક્ષય, અમેય કહી છે. ક્ષય ન થાય અને મર્યાદા વિનાની તે પર્યાયની શક્તિ છે. ભગવાન આત્મા દ્રવ્યપણે અક્ષય ને અમેય છે, તેના આશ્રયે જે સર્વજ્ઞદશા ઉત્પન્ન થઈ એ વ્યયરહિત ઉત્પાદ છે અર્થાત્ જે સર્વજ્ઞદશા પ્રગટી તે સાદિ–અનંત, અનંત કાળ રહેશે; તથા એક સમયની તે પર્યાયની શક્તિ અંત રહિત આકાશના ક્ષેત્રને જાણી લે છે એવી અમર્યાદિત શક્તિ છે. માટે તેને અક્ષય, અમેય કહી છે. આ રીતે તે નામ કથંચિત્ સત્યાર્થ હોવાથી સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી.

# હે જીવો ! તમે સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને શુદ્ધચૈતન્યમાત્ર અનુભવો.

છ વર્ષ બાદ ૪૭ નયો પર ફરીને પૂ. ગુરુદેવનાં પ્રવચનો ચાલી રહ્યાં છે. દ્રવ્યદ્રષ્ટિ પામવા પુરુષાર્થ કરી રહેલા આત્માર્થી જીવોને, આત્માની વિવિધ યોગ્યતારૂપ અનંતધર્મોનું જ્ઞાન અત્યંત હિતકર છે. તે વિષય પૂ. ગુરુદેવશ્રી આ નયો ઉપરનાં પ્રવચન દ્વારા સરળ ભાષામાં સ્પષ્ટતા પૂર્વક જિજ્ઞાસુઓને સમજાવી રહ્યા છે. તેઓશ્રીનાં પ્રવચનમાંથી અત્રે કેટલીક નયોનું સંક્ષેપમાં સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે.

(તા. ૧૯–૧૧–૭૫ ના પ્રવચનમાંથી)

કોઈ કહેશે કે નયોને જાણવાનું શું કામ છે! એ તો જ્ઞાનપ્રધાન વાત છે, તેનું જ્ઞાન કરવામાં શા માટે પુરુષાર્થ વેડફવો ? આવું જાણપણું તો અગિયાર અંગના જાણપણામાં અનંતવાર આવી ગયું; તેના કરતાં દ્રષ્ટિપ્રધાન વિષયને સમજવા માટે પુરુષાર્થ કરીએ તે લાભકારી છે.

તેને ગુરુ કહે છે કે ભાઈ, ધીરો પડ. દ્રવ્યદ્રષ્ટિનો વિષય એવું જે આત્મદ્રવ્ય તેને સમ્યક્પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિકાર લખ્યો છે. પ્રમાણજ્ઞાનનો વિષય એવો જે દ્રવ્ય–ગુણ–પર્યાય સહિતનો આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ–દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસામાન્યનું અવલંબન શી રીતે લઈશ ? દ્રવ્ય–ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પરંતુ યોગ્યતા રૂપ અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુસ્વભાવને મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે આ નયોના કથનનું પ્રયોજન છે.

જીવે યોગ્યતારૂપી અનંત ધર્મો ધારણ કરેલા હોવાથી તેને સમજવામાં પુરુષાર્થ વેડફાતો નથી પરંતુ પ્રયોજનની સિદ્ધિનો જ તે પુરુષાર્થ છે. વળી અનંત વાર જે જાણપણું કર્યું ત્યાં પણ વસ્તુસ્થિતિ જેમ છે તેમ તેની યથાર્થ સમજણના અભાવે જ આ જીવ સંસારમાં રખડતો રહ્યો છે. તેથી જ ટીકાકાર આચાર્યદેવે કરુણાબુદ્ધિથી

નયનો આ અધિકાર પ્રવચનસારના પરિશિષ્ટમાં વર્ણવ્યો છે. તેને ગંભીરપણે સમજવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

## ❀ ઈ શ્વ ર ન ય ❀

* આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક. (૩૪)

બાળક માતાની ગોદમાં હોય ત્યારે તો મરજી પ્રમાણે સ્વતંત્રપણે ધાવે છે, પરંતુ કોઈ સંજોગમાં બાળકને માતાથી અલગ થવું પડે તે વખતે ધાવમાતાની દુકાને અમુક વખતે જ ધવરાવે. આમ ધાવમાતાની દુકાને તે બાળકને પરતંત્રપણે ધાવવાનું રહે છે. તેવી રીતે આ જીવ સ્વ–સ્વભાવનો આશ્રય કરે ત્યારે સ્વતંત્રપણે આનંદનો ભોગવટો કરે છે, પરંતુ સ્વ–સ્વભાવનો આશ્રય છોડે ત્યારે શુભાશુભભાવરૂપી વિકારનો અનુભવ સ્વયં પરને વશ થઈને કરતો હોવાથી પરતંત્રપણે ભોગવટો કરે છે. અહીં પરના ભોગવટાની વાત નથી પરંતુ પોતાની પરતંત્રતાની વાત છે. કોઈ એમ કહે કે ભાઈ, શું કરીએ! કર્મ અમને છોડે ત્યારે ધર્મ–મોક્ષ પામીએ ને? કર્મ અમને છોડતાં નથી. તેને શ્રીગુરુ કરુણાપૂર્વક ઠપકો આપે છે કે અરે જીવ! તું પેલા મૂર્ખ વાંદરા જેવું કેમ વિચારે છે?–સાંકડા મોઢાવાળા માટલામાં બોર હતાં, વાંદરાએ અંદર હાથ નાખ્યો ને બોરની મૂઠી ભરી, પછી તો મૂઠીવાળેલો હાથ માટલામાંથી કેમેય કરીને ન નીકળતાં 'મને કોઈએ અંદરથી પકડી રાખ્યો છે' એવી ભ્રમણાથી તે દુઃખી દુઃખી થઈ ગયો. તેમ હે જીવ! તને કર્મ રખડાવે છે તે તારી ભ્રમણા છે. ખરેખર તો તારામાં એક એવો ધર્મ છે કે તું સ્વતંત્રપણે સ્વયં પરને વશ થાય છે તેથી તને વિકાર થાય છે; કર્મ કે પરદ્રવ્ય તને વશ કરે તેવો કોઈ ધર્મ તારામાં છે જ નહીં. તારી પર્યાયમાં એક એવું સામર્થ્ય છે કે તું સ્વતંત્રપણે કર્મને વશ થઈને વિકારી ભાવ કરે છે. અહો! જુઓ તો ખરા, પર્યાયની યોગ્યતા. જો સ્વતંત્રપણે પરને વશ થવાની યોગ્યતા ન હોય તો પરવશપણું છોડી કેમ શકાત? ખરેખર તો આ ઈશ્વરનયનું તાત્પર્ય એમ છે કે પરને વશ થવારૂપ પરતંત્રતા તેં તારી સ્વતંત્રતા વડે ઊભી કરી છે, માટે તે પરવશતા પણ તું તારા સ્વતંત્ર સામર્થ્ય વડે તોડી શકીશ; તારી પરતંત્રતાના નાશ માટે તારે પર સામે જોઈને બેસી રહેવું પડે તેમ નથી.

જો કે નય તો સાધકજીવને હોય છે. સાધકને પોતાની અપૂર્ણદશાનું જ્ઞાન છે. તે સમજે છે કે મારી અસ્થિરતા ચારિત્રમોહના ઉદયને આધીન નથી, પરંતુ હું પોતે

ચારિત્રમોહના ઉદયને વશ થાઉં છું તેથી અસ્થિરતાનો દોષ મારી પર્યાયમાં વર્તે છે. ઈશ્વરનય નામનો મારી પર્યાયમાં એક ધર્મ છે કે જેથી હું સ્વયં પરાધીન–ચારિત્રમોહનાં ઉદયને વશ થાઉં છું.

પંચાસ્તિકાય ગાથા ૬૨ ની ટીકામાં કહ્યું છે કેઃ જીવ પણ ભાવપર્યાય વિષે (ઔદયિકાદિ ભાવરૂપે પરિણમવાની ક્રિયાને વિષે) સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.

આમ, પોતે સ્વયમેવ પરતંત્રતા ભોગવે એવો પર્યાયનો એક ધર્મ છે, ને જીવદ્રવ્ય તે ધર્મનો સ્વામી હોવાથી તે સ્વયમેવ પરતંત્રતા ભોગવે છે. આઠ દ્રવ્ય–કર્મની પ્રકૃતિના ઉદયને આધીન જીવ પોતે થાય છે તેથી સંસારમાં રખડે છે. ત્યાં કર્મના ઉદયને આધીન થવાની યોગ્યતા જીવની પોતાની છે. કર્મનો ઉદય પરાણે જીવને વશ કરતો નથી, પણ જીવ પોતે પરને વશ થઈ જાય છે.

હવે અનીશ્વરનયે સ્વતંત્રતા કઈ રીતે ભોગવનાર છે તે દર્શાવે છે.

## અ ની શ્વ ર ન ય

**આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે ફાડી ખાતા સિંહની માફક. (૩૫)**

પોતે વિકારરૂપે, રાગરૂપે પરિણમતો હતો, તેનો સ્વતંત્રપણે નાશ કરી શકવારૂપ ધર્મનો ધારક આત્મદ્રવ્ય છે. જેમ સ્વયં કર્મને વશ થઈને વિકારરૂપ પરિણમવાનો એક ધર્મ છે તેમ વિકારને નાશ કરવાનું પણ સ્વતંત્ર સામર્થ્ય જીવનું પોતાનું જ છે. વિકારને સ્વતંત્રપણે નાશ કરવાનો ધર્મ પણ જીવે ધારી રાખ્યો છે. કર્મનો ઉદય મોળો પડે ત્યારે વિકારનો નાશ કરી શકે, અથવા પ્રકૃતિ મોળી પડે ત્યારે જીવ પુરુષાર્થ કરી શકે, તે વાત તદ્દન જૂઠી છે.

ભાઈ! વિકારને ટાળવા માટે તારે પરની સામે કે કર્મની સામે જોઈને બેસી રહેવું પડે તેમ નથી. તું પોતે જ સ્વતંત્રપણે વિકારને ટાળી શકે એવો એક ધર્મ તારામાં છે. અબુદ્ધિપૂર્વકનો રાગ પણ પોતાના પુરુષાર્થથી જ ટળે છે, એવો જ પર્યાયનો ધર્મ છે. પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે, સ્વતંત્રપણે પોતાની સંસારદશાને ટાળી શકે એવો એક ધર્મ આત્મદ્રવ્યે ધારી રાખેલ છે.

## -: કર્તૃનય : - (તા.૨૦.૧૧.૭૫)

### આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિ પરિણામનું કરનાર છે. (૩૮)

પર્યાયની યોગ્યતારૂપ કર્તૃત્વ નામનો એક ધર્મ આત્મામાં છે; તેથી પોતાની પર્યાયમાં વર્તતા રાગાદિ મલિન ભાવોનો કર્તા આત્મા છે તેમ સાધક જાણે છે. પર્યાયના એક ધર્મનું જ્ઞાન આ નય કરાવે છે, પણ એમ નથી કે રાગાદિ કરવા લાયક છે. પરના કારણે, નિમિત્તના કારણે કે કર્મના કારણે રાગાદિ થાય છે તેમ નથી, પોતાની પર્યાયની યોગ્યતાને લઈને રાગાદિ થાય છે ને તેનો કર્તા જીવ પોતે છે.

અહીં જ્ઞાનપ્રધાન કથન હોવાથી રાગાદિનો કર્તા એક નયે જીવ છે તેમ કહ્યું. પરંતુ દ્રષ્ટિની અપેક્ષાએ તો રાગનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે.

ખરેખર તો નય સાધકને જ હોય છે, ને સાધકને તો દ્રષ્ટિમાંથી રાગાદિનું કર્તાપણું–સ્વામીપણું છૂટી ગયું ત્યારે તો સમ્યગ્દ્રષ્ટિ થયો; એટલે સ્વામીરૂપ કર્તાપણું છે તેમ સાધક માનતો જ નથી, પરંતુ પોતાની પર્યાયમાં હોવારૂપ–પરિણમનરૂપ–પર્યાયમાં હૈયાતીરૂપ–એક નયે કર્તાપણું છે તેમ સાધક સમજે છે.

દ્રષ્ટિની અપેક્ષાએ સાધકને શુદ્ધ પરિણમન જ હોય છે, કારણકે દ્રષ્ટિનો વિષય જે ત્રિકાળી સામાન્યદ્રવ્ય તે તો શુદ્ધ જ છે; ને દ્રષ્ટિએ આવા દ્રવ્યને વિષય બનાવ્યો છે, આશ્રય લીધો છે તેથી દ્રષ્ટિ પણ શુદ્ધ જ છે. આમ રાગાદિનું રુચિપૂર્વક કર્તાપણું ચોથા ગુણસ્થાનથી જ જ્ઞાનીને છૂટી ગયું હોવા છતાં જ્ઞાનની અપેક્ષાએ સાધકને અસ્થિરતાનો રાગ પર્યાયના અંશમાં છે; તેનો કર્તા કતૃનયે આત્મા છે તેમ જ્ઞાની જાણે છે.

## -: અકર્તૃનય : -

### આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (-કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક. (૩૯)

આત્મામાં એક એવો ધર્મ છે કે જે સમયે રાગાદિનો કર્તા છે તે જ સમયે રાગાદિનો કેવળ સાક્ષીમાત્ર જ છે. જેમ પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને કોઈ પ્રેક્ષક સાક્ષી તરીકે જોનાર જ છે, કરનાર નથી તેમ પર્યાયની યોગ્યતારૂપ એક ધર્મ એવો છે કે રાગાદિનો કર્તા નથી, કેવળ સાક્ષી જ છે.

જે સમયે રાગાદિનો કર્તા છે તે સમયે જ રાગાદિનો કેવળ સાક્ષી જ છે, એવા બે ધર્મો એક જ જીવદ્રવ્યે એક જ સમયે ધારી રાખેલા છે એમ જાણીને ત્યાં અટકવું નથી, પણ 'આવા અનંત ધર્મો છે' તેમ જાણીને શુદ્ધ ચૈતન્યમાત્રને દ્રષ્ટિનો વિષય બનાવવો તે જ પ્રયોજન છે.

## -: ક્રિ યા ન ય : -

( તા. ૨૧-૧૧-૭૫ ના પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

**આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, થાંભલા વડે માથું ભેદાતાં દ્રષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક. ( ૪૨ )**

ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે. જેમ કોઈ અંધ પુરુષને પથ્થરના થાંભલા સાથે માથું ફૂટવાથી માથામાંનો લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ.

નય શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે. પ્રમાણજ્ઞાનને પ્રમાણપણું ત્યારે અને તો જ પ્રાપ્ત થાય છે કે જો અંદર દ્રષ્ટિમાં વિભાવ તેમ જ પર્યાયના ભેદોથી રહિત શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવની શ્રદ્ધાનું-આલંબનનું-જોર સતત વર્તતું હોય. ધ્રુવસ્વભાવના આલંબનનું બળ જ્ઞાનીને સદૈવ વર્તતું હોવાથી તેનું જ્ઞાન સમ્યક્પ્રમાણ છે, અને તેને જ આ ક્રિયાનય, જ્ઞાનનય, વ્યવહારનય, અને નિશ્ચયનય વગેરે નયો દ્વારા વર્ણવાયેલા ધર્મોનું સાચું જ્ઞાન હોય છે, અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને નહીં, કેમ કે તેને શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવસ્વભાવનું ભાન નહિ હોવાથી તેનું જ્ઞાન અપ્રમાણ છે-મિથ્યા છે.

ક્રિયાનયથી અર્થાત્ વ્યવહારથી નિશ્ચય થાય એમ કહેવાની યોગ્યતારૂપ એક ધર્મ આત્મામાં છે. જે રીતે સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય ( મૂર્તિની માફક ) એવો એક ધર્મ છે, તે રીતે સાધક દશામાં ત્રિકાળી શુદ્ધાત્મદ્રવ્યના આલંબનથી પ્રગટેલી શુદ્ધ પરિણતિ સાથે વર્તતા શુભરાગથી મોક્ષ થાય એવો પણ એક ઉપચારકથનનો ધર્મ છે. જુઓ, આ નય બહુ સમજવા જેવી છે. જે રીતે મૂર્તિની સ્થાપના સાક્ષાત્ ભગવાનના સ્મરણ અર્થે છે, પણ મૂર્તિ પોતે જ ભગવાનનું આત્મદ્રવ્ય નથી; તેમ શુદ્ધ પરિણતિ સાથે ભૂમિકાનુસાર વર્તતા શુભરાગથી સિદ્ધિ થાય એમ કહેવાની યોગ્યતારૂપ ધર્મ આત્માએ ધારી રાખ્યો છે. આમ કહીને-આવું જ્ઞાન કરીને તે જ સમયે શુદ્ધિના આશ્રયભૂત ત્રિકાળી સામાન્ય દ્રવ્ય મૌજૂદ પડયું છે તેને લક્ષમાં લેવાનું પ્રયોજન છે. આ દરેક નય સાધક જીવને હોય છે; સાધકને એક જ સમયે શુદ્ધતા અને શુભરાગરૂપ અશુદ્ધતા એમ બે

અંશો પ્રગટ પર્યાયમાં સાથે વર્તે છે. પર્યાયમાં જેટલી શુદ્ધતા પ્રગટી છે તે, પર્યાયનો એક ધર્મ છે; તેને જ્ઞાનનય જુએ છે-દેખે છે; અને તે જ સમયે શુભ રાગની ક્રિયારૂપ શુભ વિકલ્પ પણ પર્યાયમાં હોય છે, તે પર્યાયનો એક ધર્મ છે અને તેને ક્રિયાનય દેખે છે. ખરેખર તો શુભ રાગથી મુક્તિ ત્રણ કાળમાં થતી જ નથી. પરંતુ તે જ સમયે સાધક જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી વિવેક વડે મુક્તિ સાધી રહ્યો છે, તેને અપૂર્ણ અવસ્થામાં સાથે ભૂમિકાને યોગ્ય જે શુભ રાગરૂપ ક્રિયા હોય છે તેનું જ્ઞાન કરીને તેનાથી સિદ્ધિ થાય છે એમ વ્યવહારથી કહેવાની યોગ્યતારૂપ એક ધર્મને જ્ઞાની જાણે છે. પરંતુ આ ધર્મને જોઈને પણ જ્ઞાનીની દ્રષ્ટિ તો એક શુદ્ધ ચૈતન્ય સામાન્ય દ્રવ્ય ઉપર જ હોય છે.

અજ્ઞાની કહેશે કે શુભ રાગથી મોક્ષ થાય એવો એક ધર્મ છે, માટે અમે તો માત્ર દયા-દાન-તપ આદિ શુભરાગ કરીને મોક્ષ મેળવીશું. તેને સંતો કરુણાપૂર્વક સમજાવે છે કે ભાઈ! કુતર્કમાં તારી મતિને જોડયા વિના જેમ વસ્તુસ્થિતિ છે તેમ સમજવામાં મતિને જોડ. તારી શંકાના નિવારણ અર્થે અમે તને પૂછીએ છીએ કેઃ આત્મદ્રવ્ય એકસાથે અનંત ધર્મોનો સ્વામી છે તે એક જ સમયે છે ને? હવે આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકથી સધાય એવું છે-એવો પણ એક ધર્મ તે જ સમયે આત્માએ ધારી રાખ્યો છે કે નહીં?...તો એકલા શુભરાગથી તું શી રીતે મોક્ષ પામીશ? કારણકે બીજો જ્ઞાનનય તો તને પ્રગટયો નથી. માટે ક્રિયાનયની ઓથે તું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી વિવેકધર્મ પ્રગટાવવાનો નિષેધ ન કર, ભાઈ!-અહીં તો કહેવાની યોગ્યતારૂપ આવો પણ એક ધર્મ છે એમ જ્ઞાની જાણે છે તેની વાત કરી છે આવી નયને જાણનાર જ્ઞાની એમ જ માને છે કે ત્રિકાળી શુદ્ધચૈતન્યમાત્ર વસ્તુના આશ્રયે જ મુક્તિ સાધ્ય છે.

શુદ્ધાત્મદ્રવ્યસામાન્યના આશ્રયરૂપ જ્ઞાનનયની-નિશ્ચયની પરિણતિ સાથે વર્તતી હોવાથી તે ભૂમિકામાં વર્તતી ક્રિયાનયરૂપ વ્યવહારથી નિશ્ચય થયો એમ કહેવામાં આવે, એવી એક યોગ્યતા ગણી છે. શુદ્ધપરિણતિ સાથે ભૂમિકાનુસાર વર્તતા શુભરાગથી મુક્તિ થાય છે એમ કહેવાની યોગ્યતારૂપ ધર્મ જ્ઞાનીને હોય છે એમ જ્ઞાની જાણે છે. પરંતુ તે સાથે જ તે દ્રઢપણે એમ જાણે છે કે 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ મુક્તિ થાય છે' એવા એક નિશ્ચયધર્મનો આત્મા સ્વામી છે.

શુદ્ધ ચૈતન્ય ધ્રુવના ધ્યાને જેને સમ્યગ્જ્ઞાન પ્રગટયું છે તેવા જીવને આવી પર્યાયની યોગ્યતાઓ હોય છે, પણ તે તે ધર્મોના જ્ઞાનથી કે તેના અવલંબનથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. આવા વિવિધ ધર્મોનું જ્ઞાન કરીને સાધક જીવને સદૈવ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ધ્રુવનું જ-દ્રવ્યસ્વભાવનું જ અવલંબન હોય છે.

જેમ કોઈ અંધ માણસને ચાલતાં ચાલતાં થાંભલા સાથે માથું અથડાતાં આંખ ઉપરનો લોહીવિકાર દૂર થઈ જાય ને દૃષ્ટિ ખૂલી જતાં નિધાન પ્રાપ્ત થાય, તેમ ક્રિયાનયે શુદ્ધિની સાથે વર્તતા શુભ આચરણની મુખ્યતાથી આત્મદ્રવ્ય સિદ્ધિ પામે છે. જુઓ, આ દૃષ્ટાંત પણ ઘણું ગંભીર છે. અંધ માણસે પ્રયત્નપૂર્વક માથું અથડાવ્યું નથી. પરંતુ ચાલતાં ચાલતાં અથડાઇ પડયો છે. તેમ જ્ઞાની ત્રિકાળી સ્વભાવના આશ્રયે શુદ્ધતાની વૃદ્ધિ પામતાં પામતાં, પોતાની અસ્થિરતાના દોષે દયા–દાનાદિરૂપ શુભ ભાવમાં પણ ઉભા છે, તેથી ઉપચારથી એમ કહ્યું કે ક્રિયાનયથી મોક્ષ સાધ્ય છે; પરંતુ નિધાન પામવાના લોભે આંધળાનું અનુકરણ કરીને કોઈ અન્ય પુરુષ જો થાંભલા સાથે માથું ફોડે તો નિધાન પામવું તો દૂર રહ્યું પણ ઊલટો મરી જાય; તેમ જ્ઞાનીને પોતાની ભૂમિકામાં જે શુભ ભાવ હોય છે તેનું જ્ઞાન કરીને તેનાથી મુક્તિ થાય એમ કહેવાની યોગ્યતારૂપી ધર્મ છે, તેથી કોઈ અજ્ઞાની જ્ઞાનીનું બાહ્ય અનુકરણ કરીને શુભ રાગથી મોક્ષ સાધવા જશે તો તેનાથી મોક્ષ પામવો તો દૂર રહો પણ ઊલટું સંસારમાં રખડયા કરવું પડશે.

આવા ધર્મને જાણનાર જ્ઞાની, તેને જાણીને ત્યાં ઊભો રહેતો નથી, અટકી જતો નથી અર્થાત્ આવા એક એક ધર્મનું તે અવલંબન લેતો નથી, પરંતુ પોતાની યોગ્યતારૂપી આવા અનંત ધર્મોને જાણીને શુદ્ધ ચૈતન્યભાવરૂપ ત્રિકાળી દ્રવ્યસ્વભાવનું જ અવલંબન લે છે.

## –: જ્ઞા ન ન ય : –

**આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. (૪૩)**

જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.

અહો! આચાર્યદેવની કથનની શૈલી તો જુઓ! નયો તો બધી એકીસાથે જ હોય છે, પણ કથનમાં ક્રમ પડે છે. એમ છતાં ક્રિયાનય પછી તુરત જ જ્ઞાનનય લીધી. એક વ્યવહારનય તો બીજો નિશ્ચયનય.

ધર્મ પ્રગટયો છે એવા જીવની યોગ્યતાની આ વાત છે. બધાય ધર્મો એક સમયમાં જ સાધક જીવને હોય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી મોક્ષ થાય એવો એક ધર્મ છે. જે સમયે ક્રિયાનયથી મોક્ષ થાય એમ કહેવાની યોગ્યતારૂપ ધર્મ છે તે જ સમયે સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રરૂપ વિવેકથી મોક્ષ થાય એવો એક ધર્મ છે. આ નિશ્ચયનય છે. શુદ્ધ પર્યાયથી મુક્તિ થાય તે વાત સાચી છે, પરંતુ તે પર્યાય છે. તેથી આ ધર્મને જાણીને પણ જ્ઞાની

તેમાં ઊભો રહેતો નથી, તેનું અવલંબન લેતો નથી. જ્ઞાનનયના ધર્મને જાણીને પણ લક્ષ–ધ્યાન તો ત્રિકાળી ધ્યેયનું જ–ચૈતન્ય ધ્રુવનું જ કરવાનું છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વિવેકથી મુક્તિ થાય એવો એક ધર્મ છે. પરંતુ તેને ધ્યેય બનાવવાથી મુક્તિ થતી નથી. મુક્તિ થાય છે તો વિવેકથી જ, જ્ઞાનથી જ, ધ્યાનથી જ; પરંતુ તેનો વિષય તો ધ્યેયભૂત ત્રિકાળી શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય જ છે. જ્ઞાનની–ધ્યાનની પર્યાયને વિષય બનાવવાથી મુક્તિ થતી નથી. જ્ઞાનથી તથા ધ્યાનથી મુક્તિ થાય છે એવા એક ધર્મને સાધક જાણે છે ખરો, પણ જાણીને ત્યાં ઊભો રહેતો નથી અર્થાત્ આવા ધર્મને જાણીને પણ સાધક તો શુદ્ધ ચૈતન્યમાત્ર ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો જ આશ્રય લે છે; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વર્તમાન પર્યાયનો તે આશ્રય કરતો નથી.

અહો! સંતો કેટલી કરુણાપૂર્વક આવા ગહન વિષયને સમજાવી રહ્યા છે. જ્ઞાનથી મુક્તિ થાય એ વાત સાચી છે પરંતુ તે પણ પર્યાય છે, માટે તે માત્ર જાણવાયોગ્ય છે, ધ્યાનના વિષયમાં વિવેકને–જ્ઞાનને લેવાનો નથી. ધ્યાનનો વિષય તો અખંડ ચિદાનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો પણ જેમાં અભાવ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ સાધકનું ધ્યેય છે. તેના આશ્રયે જ મોક્ષમાર્ગની શુદ્ધ પર્યાય પ્રગટે છે. અને તેનાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે.

ખરેખર તો નિશ્ચયનયનો વિષય ત્રિકાળી ધ્રુવ છે તેથી નિશ્ચયમોક્ષમાર્ગ પણ પર્યાય હોવાથી વ્યવહારનયનો વિષય છે. પરંતુ અહીં તો જ્ઞાનપ્રધાન શૈલીની વાત છે, તેથી ક્રિયાનય શુભભાવરૂપ અનુષ્ઠાનપ્રધાન હોવાથી વ્યવહારનય છે ને જ્ઞાનનય રાગરહિત શુદ્ધ પરિણતિ હોવાથી નિશ્ચયનય છે.

આ જ્ઞાનનયનું વિવરણ છે. જેને સમ્યગ્દર્શન પ્રગટયું છે એવા ધર્મીની યોગ્યતાની આ વાત છે. આવા ધર્મોને જાણવાની આ વાત છે, પરંતુ એમ નથી કે આ ધર્મોને જાણીને તેનું અવલંબન લેવાથી સમ્યગ્દર્શન થશે. સમ્યગ્દર્શન તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસ્વરૂપ અભેદવસ્તુની દ્રષ્ટિ કરવાથી જ થાય છે.

અહો! જીવની યોગ્યતારૂપ ધર્મો તો જુઓ. જે સમયે ક્રિયાનય છે તે જ સમયે જ્ઞાનનય છે. સાધક આ બંને નયને જાણવાયોગ્ય માને છે, પણ તેના પર લક્ષ કરવાયોગ્ય અર્થાત્ ધ્યાનના ધ્યેયરૂપ માનતો નથી.

**અનંતધર્માત્મક આત્માના તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમય સરસ્વતી સદાય પ્રકાશરૂપ હો.**

હવે બીજા કળશ દ્વારા આચાર્યદેવે સરસ્વતીને આશીર્વચનરૂપ નમસ્કાર કરે છેઃ

अनंतधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।। २।। (સમયસાર)

પ્રથમ કળશ દ્વારા શુદ્ધાત્માને નમસ્કાર કરીને આ કળશમાં સરસ્વતીની મૂર્તિને નમસ્કાર કર્યાં છે. જેમાં અનેક અંત (ધર્મ) છે તેવું જ્ઞાન તથા તેને અનુસરનારી એવી વાણી–એમ ભાવશ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન તથા સર્વજ્ઞને અનુસારિણી વાણીને નમસ્કાર કર્યા છે.

સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ કોણ છે? ભાવશ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન તથા તદ્દઅનુસારિણી વાણી તે સરસ્વતીની યથાર્થ મૂર્તિ છે; કારણ કે ભાવશ્રુતજ્ઞાન અનંત ધર્મોવાળા સ્વાત્મતત્ત્વને પરોક્ષપણે દેખે છે, જાણે છે, તેથી તે સરસ્વતીની યથાર્થ મૂર્તિ છે. કેવળજ્ઞાન અનંત ધર્મો સહિત સ્વાત્મતત્ત્વને તથા સર્વ પદાર્થોને પ્રત્યક્ષપણે જાણે છે, દેખે છે, તેથી તે સરસ્વતીની યથાર્થ મૂર્તિ છે. વળી દ્રવ્યશ્રુત–વાણી પણ અનંત ધર્મોવાળા આત્માને વચનો દ્વારા બતાવે છે, માટે તે પણ સરસ્વતીની યથાર્થ મૂર્તિ છે; માટે તેમને નમસ્કાર કર્યા છે.

અહીં કળશકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સરસ્વતીની મૂર્તિમાં જ્ઞાન તથા વાણી એમ બંનેને નમસ્કાર કર્યા છે, જ્યારે કળશટીકામાં પંડિત રાજમલજીએ સરસ્વતીની મૂર્તિ તરીકે સર્વજ્ઞસ્વરૂપ–અનુસારિણીની વાણીને નમસ્કાર કર્યા છે. કેવી વાણી નમસ્કારને યોગ્ય છે?–કે पश्यन्ति–જે સર્વજ્ઞ વીતરાગના સ્વરૂપની અનુભવનશીલ છે તે વાણી નમસ્કારને યોગ્ય છે. અનુભવનશીલ અર્થાત્ જે સર્વજ્ઞસ્વરૂપ–અનુસારિણી છે તે વાણીને નમસ્કાર કર્યા છે.

ભાવશ્રુતજ્ઞાન અનંત ધર્મો સહિત ત્રિકાળી આત્મતત્ત્વને જાણે છે. કેવળજ્ઞાન પણ ત્રિકાળી દ્રવ્યને પ્રત્યક્ષ જાણે છે ને વાણી તદ્દનુસાર ત્રિકાળી દ્રવ્યને જણાવે છે. માટે

તે પૂજ્ય છે. જ્ઞાનરૂપ ભાવસરસ્વતી તથા વાણીરૂપ દ્રવ્યસરસ્વતી–બંનેમાં, અનંત ધર્માત્મક વસ્તુસ્વરૂપના તે પ્રકાશનાર હોવાથી, અનંત ધર્મો છે. પરદ્રવ્યોથી, પરદ્રવ્યના ગુણ–પર્યાયોથી ભિન્ન તથા પરના નિમિત્તે થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એવા નિજ આત્મતત્ત્વને સરસ્વતીની મૂર્તિ દેખે છે–દેખાડે છે, માટે પૂજ્ય છે.

કોઈ પ્રશ્ન કરે કે અનંત ધર્મોવાળો આત્મા કહો છો તો તેના ધર્મો કયા–કયા છે? –કે દરેક વસ્તુમાં સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું આદિ ગુણ છે ને તેને પ્રત્યેક સમયે સમયવર્તી પર્યાયો હોય છે. વળી એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું આદિ અનેક ધર્મ છે; તેઓ અપેક્ષિત ધર્મો છે તેથી તેને પર્યાયો હોતી નથી. આ રીતે સામાન્યધર્મો છે તે વચનગોચર ને જ્ઞાન–ગોચર છે પરંતુ બીજા અનંત ધર્મો એવા પણ છે કે જે વચન અગોચર છે પણ જ્ઞાન ગોચર છે. આત્મા પણ વસ્તુ હોવાથી તેમાં અનંત ધર્મો છે. આત્મામાં એક ચેતન નામનો અસાધારણ ધર્મ છે કે જે અનંત જીવોમાં નિજસ્વરૂપે ભિન્ન–ભિન્નપણે રહેવા છતાં પ્રત્યેક આત્માના અનંત ધર્મોમાં વ્યાપક છે. આવા ચેતનસ્વરૂપ અનંત ધર્મોવાળા આત્માને ભાવશ્રુતજ્ઞાન તથા કેવળજ્ઞાન દેખે છે તથા વાણી એવા આત્માને દેખાડે છે. એ રીતે સર્વ જીવોને કલ્યાણદાયી જ્ઞાનરૂપ તથા વચનરૂપ સરસ્વતીની મૂર્તિ પૂજ્ય છે.

## પ રી ક્ષા

શ્રી વીતરાગ-વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષાબોર્ડ (જયપુર) દ્વારા લેવામાં આવતી શિયાળાની પરીક્ષાઓ તારીખ ૧૧, ૧૨, તથા ૧૩ ફેબ્રુઆરી ૧૯૭૬ બુધવાર, ગુરુવાર તથા શુક્રવારના રોજ થશે, કેન્દ્રાધ્યક્ષ ધ્યાન આપે.

પરીક્ષાનો વિસ્તૃત કાર્યક્રમ, રોલનંબર તથા આવશ્યક સામગ્રી કેન્દ્રોને મોકલી આપી છે. જે સંસ્થાઓ હજુ સુધી ફોર્મ ભરીને મોકલી શકેલ નથી તે તા. ૧૦-૧૨-૭૫ સુધીમાં મોકલી શકે છે.

## ❁ શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ એવા મને પર્યાયમાં રહેલી રાગાદિરૂપ કાલિમાનો નાશ થાઓ. ❁

હવે આચાર્યદેવ ત્રીજા કળશ દ્વારા સમયસારની ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત એના ફળની પ્રાર્થના કરે છે.

परपरिणति हेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषिताया :
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

આચાર્યદેવ કહે છે કે આ સમયસાર શાસ્ત્રની ટીકા–વ્યાખ્યાથી મારી અનુભૂતિની પરમ વિશુદ્ધિ થાઓ. તેનો શબ્દાર્થ એ થયો કે શાસ્ત્રની ટીકા કરવાથી અનુભૂતિની પરમ વિશુદ્ધિ થાઓ; પરંતુ ટીકાની રચના કરવાનો ભાવ એ તો વિકલ્પ છે, શુભ રાગ છે, તેનાથી શુદ્ધ ચૈતન્યમૂર્તિની પરિણતિ નિર્મળ ન થાય. શબ્દાર્થ ત્યારે જ સફળ કહેવાય કે તેનો ભાવાર્થ ગ્રહણ કરવામાં આવે. અહીં ભાવાર્થ એમ છે કે દ્રષ્ટિમાં તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છે, પરંતુ અનાદિની અસ્થિરતારૂપ જે રાગાદિ કલુષિતતા પરિણતિમાં વર્તે છે તે, આ ટીકાની રચનાના કાળમાં, દ્રષ્ટિ દ્રવ્ય પર વિશેષ એકાગ્ર થતાં, રાગાદિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળ થાઓ.

પર્યાયમાં–વિકારી પરિણતિમાં વ્યાપ્ય–વ્યાપકપણે હું પરિણમું છું, ત્યારે નિમિત્ત તરીકે મોહકર્મનો ઉદય હોય છે. અસ્થિરતાજન્ય અશુદ્ધતા પર્યાયમાં અનાદિની વર્તે છે, તે મને કલંક સમાન છે. માટે ટીકારચનાના ફળમાં તે કલંકનો નાશ થઈને પરમ નિર્મળતા થાઓ એવી આચાર્યદેવ ભાવના ભાવે છે.

સાતમે ગુણસ્થાને, શુદ્ધોપયોગના કાળે પણ, અબુદ્ધિપૂર્વકની અશુદ્ધતા હોય છે, તેથી મારી પરિણતિ નિરંતર કલ્માષિત ( મેલી ) છે એમ કહ્યું. તે મેલના નાશનો ઉપાય મહાવ્રતાદિ વ્યવહારચારિત્ર નથી, પરંતુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એવા નિજ સ્વરૂપમાં

એકાગ્રતા એ તેનો ઉપાય છે. દ્રવ્યદ્રષ્ટિથી હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છું–એમ દ્રષ્ટિના જોરે પરિણતિ વિશુદ્ધ થાય છે.

કળશટીકામાં ટીકાકારે 'અનુભૂતિ' એટલે અતીન્દ્રિય સુખસ્વરૂપ જ છું એમ કહ્યું છે. સમયસારની ૭૩ મી ગાથામાં પણ અનુભૂતિને શુદ્ધદ્રવ્ય કહ્યું છે, તથા પ્રવચનસારની ૨૦૨ મી ગાથામાં પણ સ્વાનુભૂતિને દ્રવ્ય કહ્યું છે. દ્રવ્યદ્રષ્ટિથી જોતાં અનંત સુખસ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ છું. આત્મા પર્યાયમાં એમ જાણે છે કે હું તો નિર્મળ પર્યાયથી પણ જુદો અનંત સુખસ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ છું; ધ્રુવ તો કૂટસ્થ છે, અપરિણામી છે, તેથી તે એમ જાણતું નથી કે હું ધ્રુવ છું; પરંતુ ધ્રુવની સન્મુખ થયેલી નિર્મળ પરિણતિમાં આત્મા એમ જાણે છે કે 'હું ધ્રુવ છું. ' આચાર્યદેવ કહે છે કે મારી દ્રષ્ટિમાં આવા શુદ્ધ દ્રવ્યનો સ્વીકાર વર્તતો હોવા છતાં પર્યાયમાં અસ્થિરતારૂપ અશુદ્ધ પરિણતિ નિરંતર વર્તે છે, તે મને કાલિમા–કલંક સમાન છે. તેથી આ ટીકાની રચનાના કાળે, દ્રવ્ય તરફના જોરની વિશેષતા વડે–એકાગ્રતા વડે, તે રાગાદિ અશુદ્ધ પરિણતિ નાશ થઈને મારી પરિણતિ પરમ વિશુદ્ધિ પામો. એ રીતે ટીકાના ફળની પ્રાર્થના કરી છે. એ સિવાય ખ્યાતિ, લાભ, પૂજાદિ કાંઈ પણ ઇચ્છતો નથી–એમ આચાર્યદેવ કહે છે.

એ પ્રમાણે આ કળશ દ્વારા સમયસારની ટીકા કરવાની પ્રતિજ્ઞા કરી ને સાથોસાથ તેના ફળરૂપે પરિણતિ પરમ વિશુદ્ધ થાઓ એમ પ્રાર્થના કરી છે.

- સુદ્રઢ સ્વભાવથી આત્માર્થનું પ્રયત્ન કરવું. આત્મકલ્યાણ પ્રાપ્ત થવામાં ઘણું કરીને વારંવાર પ્રબળ પરિષહો આવવાનો સ્વભાવ છે. પણ જો તે શાંત ચિત્તથી વેદવામાં આવે તો દીર્ઘ કાળે થઈ શકવા યોગ્ય કલ્યાણ બહુ અલ્પકાળમાં સાધ્ય થાય છે.
- મુમુક્ષુપણું જેમ દ્રઢ થાય તેમ કરો. હારવાનો અથવા નિરાશ થવાનો કાંઈ હેતુ નથી. દુર્લભ યોગ જીવને પ્રાપ્ત થયો તો પછી થોડોક પ્રમાદ છોડી દેવામાં જીવે મુંઝાવા જેવું અથવા નિરાશ થવા જેવું કંઈ જ નથી.
- એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે. તે કયો ? અને કેવા પ્રકારે ? તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે. – શ્રીમદ્ રાજચંદ્ર

## ❀ વ્ય વ હા ર ન ય ❀

[ તા. ૨૨-૧૧-૭૫ ના પ્રવચનમાંથી ]

**આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક ( બંધ કરનાર ) અને મોચક ( મુક્ત કરનાર ) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક. ( ૪૪ )**

વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં ( પુદ્ગલ સાથે ) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ.

વ્યવહારનયે આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે.

કર્મના સંયોગ–વિયોગના નિમિત્તની અપેક્ષાએ દ્વૈતને અનુસરવાની યોગ્યતારૂપ એક ધર્મ આત્મામાં છે, તેની અહીં વાત છે. વ્યવહારનયે જોતાં આત્મામાં એક એવો ધર્મ છે કે તે પોતે કર્મને અનુસરે છે. કર્મમાં એવી તાકાત નથી કે તે આત્માને બળજોરીથી કર્મ પ્રમાણે અનુસરણ કરાવે. બંધ અને મોક્ષ બંનેમાં અનુક્રમે કર્મના સદ્ભાવની તથા કર્મના અભાવની અપેક્ષા વ્યવહારથી આવે છે. પોતાની પર્યાયમાં બંધની યોગ્યતા વખતે આત્મા પોતે કર્મના સદ્ભાવને અનુસરે છે ને પર્યાયમાં મોક્ષની યોગ્યતા વખતે આત્મા પોતે કર્મના અભાવને અનુસરે છે; તેથી આત્મા દ્વૈતને અનુસરનારો છે એવી યોગ્યતારૂપ એક ધર્મ આત્મામાં છે.

કર્મને અનુસરવાની યોગ્યતારૂપ ધર્મ જે સમયે છે તે જ સમયે સ્વતંત્રપણે બંધ–મોક્ષને વિષે અદ્વૈતને અનુસરવાનો પણ એક ધર્મ છે. વ્યવહારનયે દ્વૈતને અનુસરનાર છે ને નિશ્ચયનયે અદ્વૈતને અનુસરનાર છે. પરંતુ આવા ધર્મોને જાણીને ત્રિકાળી અખંડ અદ્વૈત ચૈતન્યનો આશ્રય કરવો તે પ્રયોજનની સિદ્ધિ છે.

જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે–છૂટો પડવામાં બીજા પરમાણુથી છૂટો પડવારૂપ દ્વૈતને પામે છે, તેમ વ્યવહારનયે આત્માના બંધને વિષે કર્મના સંયોગરૂપ દ્વૈતની અપેક્ષા લાગે પડે છે ને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગરૂપ–અભાવરૂપ દ્વૈતની અપેક્ષા લાગુ પડે છે–એવો એક ધર્મ આત્માનો છે. આ ધર્મને જ્ઞાનમાં જાણીને પણ સાધક જીવને દ્રષ્ટિનું જોર તો નિરંતર ત્રિકાળી જ્ઞાનાનંદઘનસ્વરૂપ એક શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય ઉપર જ હોય છે.

# ❁ નિ શ્ચ ય ન ય ❁

**આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. (૪૪)**

નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ.

આત્મામાં એક એવો ધર્મ છે કે કર્મના સદ્ભાવ–અભાવની અપેક્ષા વિના પોતાની પર્યાયમાં બંધની યોગ્યતા વખતે તેમ જ મોક્ષની યોગ્યતા વખતે સ્વતંત્રપણે અદ્વૈતને અનુસરે છે. આત્મા એકલો જ બંધ કે મોક્ષરૂપ નિશ્ચયથી થાય છે–કર્મ કે બીજા કોઈની અપેક્ષા વિના જ; તેથી આત્મા અદ્વૈતને અનુસરનાર છે. જેમ એક પરમાણુ સૂક્ષ્મત્વમાંથી સ્થૂળત્વરૂપે–સ્કંધરૂપે પરિણમે છે તેમ જ તે પરમાણુ સ્કંધપણું છોડીને છૂટા પરમાણુપણે પરિણમે છે તે પોતાની સ્વતંત્ર યોગ્યતાને લઈને પરિણમે છે, બીજા પરમાણુ કે સ્કંધની બિલકુલ અપેક્ષા વિના પરિણમે છે; તેમ બંધમાં કે મોક્ષમાં આત્મા એકલો જ તે પ્રમાણે પરિણમે છે. કર્મના સદ્ભાવ–અભાવની અપેક્ષા વિના જ એકલો પરિણમે છે એટલે કે અદ્વૈતને અનુસરે છે એવો આત્મામાં એક ધર્મ છે. પ્રવચનસારની ૧૨૬ મી ગાથામાં આચાર્યદેવ કહે છે કે અજ્ઞાનદશામાં કે જ્ઞાનદશામાં, સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતે એકલો જ પોતાના પરિણામનો કર્તા છે.

જુઓ, આ નયનું કથન ચાલે છે. એક ધર્મને જોઈને–જાણીને તેનું–ભેદનું અવલંબન લેવા માટે નથી. આગમપ્રધાન કથનમાં નિશ્ચયથી આત્મા એકલો બંધ–મોક્ષનો કર્તા છે તેથી અદ્વૈતને અનુસરે છે એમ આવે, પણ તેને જાણીને ત્યાં રોકાવાનું નથી. પરમાર્થદ્રષ્ટિએ જોતાં ખરેખર તો પરમપારિણામિકભાવ તે અદ્વૈત છે; તેનું અવલંબન લેવાથી બંધની પર્યાયનો વ્યય થાય છે ને મોક્ષની પર્યાયનો ઉત્પાદ થાય છે.

અધ્યાત્મપ્રધાન કથનમાં નિશ્ચયથી ક્ષાયિક આદિ ચાર ભાવોમાં કર્મના અભાવ–સદ્ભાવનું નિમિત્તપણું હોવાથી ચારેય ભાવોને કર્મકૃત કહ્યા છે, તેથી તે દ્વૈત છે. વ્યવહારથી આત્મા ક્ષાયિક આદિ દ્વૈતને અનુસરે છે–કર્તા છે; પારમાર્થિક નિશ્ચયે જોતાં એક અખંડ નિરવધિ ત્રિકાળી પરમપારિણામિકભાવ જ અદ્વૈત છે. નિયમસાર ગાથા ૫૦ માં પણ ક્ષાયિકાદિ ચારેય ભાવોને પરસ્વભાવ કહ્યા છે, પરસ્વભાવ હોવાથી પરદ્રવ્ય છે અને તેથી હેય છે એમ કહ્યું

છે. નિશ્ચયનય ને વ્યવહારનયનાં અનેક પ્રકારનાં કથનો શાસ્ત્રોમાં આવે છે; ત્યાં નયસમૂહ તો ઇન્દ્રજાળ છે, યથાર્થ રીતે સમજે નહીં તો માર્ગ પામી શકે નહીં.

સમયસાર ૧૧ મી ગાથામાં ‘વ્યવહારનય બધોય, અભૂતાર્થ હોવાથી, અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે’–એમ કહ્યું છે. કેવળજ્ઞાનની પર્યાય પણ અસત્યાર્થ છે; પણ કયા અર્થમાં ?–ત્રિકાળી સહજ શુદ્ધ નિજ તત્ત્વનો આશ્રય કરવા માટે કેવળજ્ઞાનની પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહેલ છે.

સમયસારની ૭ મી ગાથાના ભાવાર્થમાં શિષ્યે પ્રશ્ન કર્યો છે કે “પર્યાય પણ દ્રવ્યનો જ ભેદ છે, અવસ્તુ તો નથી, તો તેને વ્યવહાર કેમ કહી શકાય ?”–તેનું સમાધાન કરાવતાં એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે “ભેદદ્રષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાંસુધી રાગાદિક મટે નહિ ત્યાંસુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.”

આશ્રય કરનાર પોતે નિર્મળ પર્યાય છે. ત્રિકાળી દ્રવ્યોનો આશ્રય કરીને તે પર્યાયમાં આત્મા એમ અનુભવે છે કે, ‘ત્રિકાળી સામાન્યદ્રવ્ય તે હું છું, પર્યાય–ભેદ તે હું નથી.’ આવો અનુભવ કરવો તે અનંત ધર્મોને જાણવાનું પ્રયોજન છે.

## અ શુ દ્ધ ન ય

### આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.(૪૬)

જે માટીમાં ઘડો, રામપાત્ર વિગેરે અવસ્થા થાય છે તે તેનો કાયમી એકરૂપ ભાવ નથી, માટે ઉપાધિભાવ છે; તેમ સાધકને નિર્મળદશા સહિત જેટલે અંશે રાગાદિ વર્તે છે તે ઉપાધિભાવ છે. પોતાની અધૂરી દશાનું જ્ઞાન સાધકને છે તેથી તે એમ જાણે છે કે અશુદ્ધનયે આત્મદ્રવ્ય સોપાધિસ્વભાવવાળું છે. આવો પર્યાયનો એક ધર્મ પોતાને વર્તે છે તેને સાધક જાણીને ત્યાં અટકતો નથી કે આવો મારો ધર્મ છે માટે કરવા લાયક છે; પણ જાણવા લાયક છે એમ જ્ઞાન કરે છે. સાધક જાણે છે કે જે સમયે અશુદ્ધનયે સોપાધિસ્વભાવવાળો છું તે જ સમયે શુદ્ધનયે નિરૂપાધિસ્વભાવવાળો પણ છું. આવા આવા અનંત ધર્મો એક જ સમયે જેણે ધારી રાખ્યા છે તેવો ત્રિકાળ શુદ્ધચૈતન્યમાત્ર આત્મદ્રવ્ય તે જ હું છું–એમ સાધક માને છે, અનુભવે છે.

જુઓ, આ અશુદ્ધનય સમજવા જેવી છે. કોઈ એમ માનતું હોય કે સમ્યગ્દ્રષ્ટિને દુઃખનું વેદન ન હોય તો તે વાત તદ્દન જૂઠી છે. સમ્યગ્દ્રષ્ટિ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતાને

પામતો નથી ત્યાં સુધી સાધકદશામાં તેની પર્યાયની યોગ્યતારૂપ સોપાધિસ્વભાવવાળો આત્મા છે; એમ અહીં કહેવામાં આવ્યું છે.

ખરેખર તો અહીં, અશુદ્ધનય દ્વારા એમ કહ્યું છે કે નિર્મળ પર્યાય સહિતનો ત્રિકાળી ચૈતન્યમાત્ર આત્માને જાણવો તે પણ અશુદ્ધનયનો વિષય છે, મલિન છે, મેચક છે. શુદ્ધ ચૈતન્યમાત્ર અદ્વૈત વસ્તુને નિર્મળ પર્યાય સહિતની જાણવી તે અશુદ્ધનયનો વિષય છે. પર્યાય સહિતની વસ્તુ તે તો ભેદરૂપ વ્યવહારનયનો વિષય થઈ ગયો. સમયસાર ૧૪ મી ગાથામાં પણ પર્યાય સહિત વસ્તુ માનવી તે અભૂતાર્થ, અસત્યાર્થ, છે એમ સ્પષ્ટ સમજાવ્યું છે. એકલું અદ્વૈત અખંડ સામાન્યદ્રવ્ય તે શુદ્ધનયનો વિષય છે, તેને વિષય બનાવીને તેનું ધ્યાન કરવાથી સમ્યગ્દર્શન થાય છે. જે સામાન્યદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટ થાય તે પર્યાય સહિત જો ત્રિકાળી ધ્રુવને જોવામાં આવે તો તે અશુદ્ધનયનો વિષય જઈ જાય છે, તેથી તે સમ્યગ્દર્શનનો વિષય રહેતો નથી. આ રીતે આચાર્યદેવે અશુદ્ધનયથી સોપાધિસ્વભાવવાળો કહીને પણ શુદ્ધ ચૈતન્યદ્રવ્યનું જ લક્ષ કરાવ્યું છે.

અહો! જુઓ તો ખરા આચાર્યની શૈલી! એક–એક ધર્મથી આત્માને વર્ણવે કે પ્રમાણપૂર્વક અનેક ધર્મથી આત્માને વર્ણવે, પણ લઈ જાય છે તો ત્રિકાળી સામાન્ય દ્રવ્યની સન્મુખ જ. આચાર્યદેવ કહે છે કે જે જીવ ત્રિકાળી ચૈતન્યસામાન્યનો આશ્રય કરવા ઊપડયો છે–પુરુષાર્થ કરે છે તે જીવ નયો દ્વારા એક–એક ધર્મથી આત્માને જુએ કે પ્રમાણજ્ઞાન દ્વારા અનંત ધર્મોવાળો, આત્મા જુએ, ત્યાં જોઈને–જ્ઞાન કરીને પણ ત્રિકાળી નિજ ચૈતન્યનો જ તે અનુભવ કરે છે, આશ્રય કરે છે.

આમાં–વસ્તુમાં જાણવા લાયક, પર્યાયનો એક સોપાધિસ્વભાવવાળો ધર્મ છે, પણ તે માત્ર જાણવા લાયક છે, આદરવા લાયક નથી. આદરવા લાયક તો ત્રિકાળ નિરવધિ એક અખંડ ધ્રુવ ચૈતન્યદ્રવ્ય જ છે.

## શુ દ્ધ ન ય

### આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરૂપાધિસ્વભાવવાળું છે. (૪૭)

દ્રવ્યને શુદ્ધનયથી જોતાં, તેમાં પર્યાયની ઉપાધિ નથી. સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં જ્ઞાની શુદ્ધનયે એમ જાણે છે કે, 'પર્યાય વિનાનું નિરુપાધિ આત્મદ્રવ્ય હું છું.' જેમ ઘડો,રામપાત્ર [ **અનુસંધાન પૃષ્ઠ ૨૪** ]

**ચંદ્રમાને અરીસામાં ઉતારીને જેમ રડતા રામ આનંદિત થાય તેમ**
**આત્માને ઝંખતો શિષ્ય જ્ઞાન-અરીસામાં**
**સિદ્ધોને ઉતારીને આનંદિત થાય છે.**

**સાધકધર્મની શરૂઆતને માંગલિક કહે છે. શુદ્ધ આત્મદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે સાધકધર્મની શરૂઆત છે. પોતાના આત્મામાં ને શ્રોતાના આત્મામાં અનંત સિદ્ધોને સ્થાપીને,આચાર્યદેવે સર્વ સિદ્ધોને ભાવનમસ્કાર તથા દ્રવ્યનમસ્કાર પૂર્વક આ ‘સમયપ્રાભૃત’ પરમાગમની રચના શરૂ કરી છે.**

[ તા. ૩-૧૨-૭૫ ના પ્રવચનમાંથી ]

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

અહીં મંગલાચરણની પહેલી ગાથામાં સિદ્ધગતિની પર્યાયની વાત છે. ધ્રુવ, અચલ ને અનુપમ એવા વિશેષણોથી યુક્ત એવી મોક્ષગતિને પ્રાપ્ત સર્વે સિદ્ધોને નમસ્કાર કરીને કેવળી તથા શ્રુતકેવળીઓએ કહેલા સમયપ્રાભૃતને હું કહીશ. જુઓ, આચાર્યદેવ કહે છે કે સર્વે સિદ્ધોની, ભાવસ્તુતિથી તથા દ્રવ્યસ્તુતિથી, મારા આત્મામાં તથા શ્રોતાઓના આત્મામાં સ્થાપના કરીને આ ગ્રંથની રચના કરીશ. અલ્પજ્ઞતા હોવા છતાં, અલ્પજ્ઞતાને હું આદરતો નથી, પણ આત્મામાં સિદ્ધપણું સ્થાપીને તેનો આદર કરું છું. હે શ્રોતા! તું પણ તારી પર્યાયમાં વર્તતી અલ્પજ્ઞતાને ગૌણ કરીને તારા આત્મામાં સિદ્ધપણાની સ્થાપના કર. રાગની રુચિ છોડી, આત્મામાં સિદ્ધપણું સ્થાપીને અમારી વાત સાંભળ, તને પર્યાયમાં સિદ્ધપણું જરૂર પ્રગટશે. માટે પહેલે ધડાકે સિદ્ધપણાને સત્કારતો ચાલ્યો આવ. શુદ્ધાત્મામાં પ્રવર્તતો થકો, હું આ મોક્ષ–અધિકારી, મારા પ્રચુરસ્વસંવેદનપૂર્વક નિજાત્મવૈભવ દેખાડી રહ્યો છું. તેને હે શ્રોતા! તું અપૂર્વભાવે, ઉલ્લસિત વીર્યથી પ્રમાણ કરજે.

**'वंदित्तु'** નો અર્થ જ એ છે કે, જે જ્ઞાનની પર્યાયમાં સાધ્ય એવા સિદ્ધપણાનું સ્થાપન, સત્કાર, સ્વીકાર તે જ સિદ્ધોને સાચો નમસ્કાર છે. જેને શુભરાગનો આદર વર્તે છે તેને સિદ્ધો પ્રત્યે સાચો નમસ્કાર પણ હોતો નથી.

દ્રવ્યના આશ્રયે સાધકભાવની શરૂઆત થઈ. અનંતકાળમાં કદિ નહીં થયેલા સાધકભાવની જે શરૂઆત તેનું નામ જ માંગલિક છે. અનંત સિદ્ધોને જ્ઞાનની પર્યાયમાં સ્થાપવાથી સિદ્ધ સદ્રશ નિજ આત્માની દ્રષ્ટિ થતાં તે પર્યાય દ્રવ્ય તરફ ઢળે છે અને તે જ સાધકભાવની શરૂઆત છે.

સાધ્ય એવો જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધભગવંતો છે. દ્રવ્યસ્તુતિ દ્વારા 'હે સિદ્ધ પરમાત્મા! ' એમ કહે છે ત્યાં ભાવસ્તુતિ દ્વારા પોતાના આત્મામાં પડઘો પડે છે કે 'હે સિદ્ધ પરમાત્મા! ' આ રીતે સાધ્ય તો માત્ર પોતાનો આત્મા જ છે પણ સિદ્ધભગવંતો સાધ્યના પ્રતિચ્છંદના સ્થાને છે. એવા તે સિદ્ધ પરમાત્માના સ્વરૂપનું ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે, સિદ્ધરૂપે જ મારું સ્વરૂપ છે, એવા સિદ્ધસ્વરૂપ નિજ આત્માને ધ્યાઈને, સંસારી જીવો તેમના જેવા થઈ જાય છે.

જુઓ !પ્રથમ માંગલિકની ગાથામાં ક્યાંય અલ્પજ્ઞતાને કે પામરતાને યાદ કરી નથી. સંસારી જીવો કઈ રીતે સિદ્ધ થાય ?–તો કહે છે કે વર્તમાનમાં સિદ્ધ સદ્રશ નિજ પરમાત્મતત્ત્વને ધ્યાઈને અર્થાત્ પર્યાયમાં સિદ્ધ સદ્રશ ત્રિકાળી નિજ સ્વરૂપને વિષય બનાવીને, જે પર્યાયને એકાગ્ર કરે છે તે ચારે ગતિઓથી વિલક્ષણ એવી જે પંચમગતિ –મોક્ષ, તેને પામે છે.

કેવી છે તે પંચમગતિ ?–સ્વભાવભાવરૂપ છે. અહીં પર્યાયની વાત છે. સિદ્ધભગવાનની નિર્મળ પર્યાય સ્વભાવભાવરૂપ છે, તેથી ધ્રુવપણાને અવલંબે છે એટલે કે ધ્રુવપણે જ રહે છે. ચારે ગતિઓ પરના નિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે. ત્રિકાળી ધ્રુવ સ્વભાવના અવલંબને પ્રગટેલી પંચમગતિને વિનાશિકતાનો નિષેધ કર્યો છે. સિદ્ધની પર્યાયનું સમયે–સમયે પરિણમન તો છે જ પણ તે ગતિ સાદિ–અનંત કાળ રહે છે, બીજી ગતિરૂપ બદલવું થતું નથી તેથી પંચમગતિ ધ્રુવપણાને પામી છે.

વળી કેવી છે તે પંચમગતિ ?–કે ચારે ગતિના સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્યવાળી હોવાથી તેને કોઈ પદાર્થની ઉપમા આપી શકાતી નથી. એવી અનુપમ પંચમગતિ છે. વળી કેવી છે તે પંચમગતિ ?–કે ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે લક્ષ્મી ને કામ એટલે વાસના; તે જે વર્ગમાં છે એવા ત્રિવર્ગમાં મોક્ષગતિ

નહીં આવતી હોવાથી પંચમગતિને અપવર્ગ કહી છે. આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે.

સિદ્ધનું જ્ઞાન કરીને આદર કરવો એ જ સિદ્ધોને વંદન છે. આ રીતે સિદ્ધ ભગવંતોને મારામાં તથા શ્રોતામાં સ્થાપીને, અનાદિથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે અરિહંતદેવની વાણીનો અંશ એવું આ સમયપ્રાભૃત હું શરૂ કરું છું – એમ શ્રી કુંદકુંદાચાર્ય દેવ કહે છે.

આ ગ્રંથના કહેવામાં અભિધેય શું છે?–કે શુદ્ધાત્માનું સ્વરૂપ તે અભિધેય છે. અખંડાનંદસ્વરૂપ ત્રિકાળી શુદ્ધાત્મદ્રવ્યને ધ્યેય કહ્યું છે. ત્રિકાળ શુદ્ધ ધ્રુવસ્વરૂપ, એકરૂપ કે જેમાં પર્યાય નથી તે વાચ્ય ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ છે. શુદ્ધાત્માને તથા આ ગ્રંથના શબ્દોને વાચ્ય–વાચકરૂપ સંબંધ છે. આ ગ્રંથનું પ્રયોજન શું છે?–કે અભિધેય એવો જે શુદ્ધ આત્મા તેને શ્રદ્ધા–જ્ઞાનની પર્યાયમાં ધ્યેય બનાવીને પર્યાયમાં શુદ્ધાત્મા પ્રાપ્ત કરવો તે પ્રયોજન છે.

[ પૃષ્ઠ ૨૧ થી ચાલુ ]

આદિ અવસ્થા વિના કેવળ માટી તો માટી માત્ર જ છે, તેમ શુદ્ધનયથી જોતાં દ્રવ્ય, નિશ્ચય મોક્ષમાર્ગની પણ, પર્યાય વિનાનું છે. નિશ્ચય મોક્ષમાર્ગનો વિષય, નિર્મળ પર્યાયનો વિષય, નિરૂપાધિ સ્વભાવવાળો ધ્રુવ આત્મા છે.

નયની શરૂઆત કરતાં દ્રવ્યનયે, કેવળ પટની માફક, ભેદ વિનાનો આત્મા કહ્યો ને આ છેલ્લી નયમાં શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, પર્યાયની ઉપાધિરહિત નિરૂપાધિસ્વભાવવાળો આત્મા કહ્યો.

નિર્મળ પર્યાયવાળો આત્માને માનવો તે શુદ્ધનયનો વિષય નથી. શુદ્ધનયનો વિષય તો એવો સામાન્યદ્રવ્યસ્વભાવ છે કે જેમાં શરીર, નિમિત્ત પર કે ઔદયિકાદિ વિકારી ભાવ તો નથી, પરંતુ ક્ષાયિકભાવ–નિર્મળ પર્યાય પણ તેમાં નથી.

દ્રવ્યદ્રષ્ટિના વિષયભૂત ત્રિકાળી સામાન્ય નિજ શુદ્ધાત્મતત્ત્વ તે ક્ષાયિકાદિ ચારેય ભાવથી અગોચર છે અર્થાત્ ક્ષાયિકની પર્યાય ધ્રુવને જાણે છે, પણ ક્ષાયિકના આશ્રયે ધ્રુવતત્ત્વ જણાતું નથી.

# વીતરાગી વ્યક્તિત્વ: ભગવાન મહાવીર

લેખક: ડો. હુકમચંદ ભારિલ્લ, શાસ્ત્રી, જયપુર

ભગવાન મહાવીરે પ્રતિપાદન કરેલા સિદ્ધાંતો જેટલા ગૂઢ, ગંભીર અને ગ્રાહ્ય છે, તેટલું જ તેમનું વર્તમાન જીવન પણ સાદું, સરળ અને સપાટ છે. તેમાં વિવિધતાને કોઈ સ્થાન નથી. તેમના વર્તમાન જીવનમાં ઘટનાની બહુલતા નથી. ઘટનાઓમાં તેમનું વ્યક્તિત્વ શોધવું પણ વ્યર્થ છે.

ઘટના સમગ્ર જીવનના એક ભાગ પર પ્રકાશ ફેંકે છે, ઘટનાઓ દ્વારા જીવનદર્શન કરવું તે તેને ખંડોમાં વહેંચવા જેવું છે. મહાવીર ભગવાનનું વ્યક્તિત્વ અખંડ છે, અવિભાજ્ય છે, તેનું વિભાજન શક્ય નથી. તેમના વ્યક્તિત્વને ઘટનાઓમાં વહેંચવું એ તેમના વ્યક્તિત્વનું ખંડન છે. અખંડિત દર્પણમાં બિંબ અખંડ અને વિશાળ પ્રતિભાસે છે પરંતુ કાચ તૂટી જતાં પ્રતિબિંબ પણ અનેક અને તુચ્છ બની જાય છે, તેમની એકતા અને વિશાળતા ખંડિત થઈ જાય છે. તેઓ પોતાનું વાસ્તવિક સ્વરૂપ ખોઈ બેસે છે.

ભગવાન મહાવીરના આકાશવત્ વિશાળ અને સાગરસમ ગંભીર વ્યક્તિત્વને બાળક વર્દ્ધમાનની બાળ–સુલભ ક્રીડાઓ સાથે જોડવાથી તેમનું ગૌરવ વધતું નથી બલ્કે ખંડિત થાય છે. ‘સન્મતિ’ શબ્દનો અર્થ ગમે તેટલો મહાન હોય તોપણ તે કેવળજ્ઞાનની વિરાટતાને પોતામાં સમાવી શકતો નથી, કેવળજ્ઞાનીની મહત્તા વ્યક્ત કરવામાં સમર્થ બની શકતો નથી. જેમની વાણી અને દર્શને અનેકની શંકા દૂર કરી હોય, અનેકોને સન્માર્ગ બતાવ્યો હોય, સન્માર્ગે વાળ્યા હોય, તેમની મહત્તાને કોઈ એકની શંકા દૂર કરનાર ઘટના કાંઈ વિશેષ વ્યક્ત કરી શકતી નથી.

જે અપૂર્ણ હોય તેની વૃદ્ધિ થાય છે પણ જે પૂર્ણતાને પ્રાપ્ત થઈ ગયા છે તેમને વર્દ્ધમાન કહેવા એ કેવી રીતે સાર્થક હોઈ શકે? એ જ રીતે મહાવીરની વીરતાને સાપ અને હાથીની ઘટનાથી માપવી એ કેટલું સંભવિત છે એ વિચારવા જેવું છે.

જો કે મહાવીરના જીવન સંબંધી ઉપરોક્ત પ્રસંગો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે તોપણ તે બાળક વર્દ્ધમાનની વૃદ્ધિ બતાવે છે, ભગવાન મહાવીરની નહિ. સાપથી ન ડરવું એ બાળક વર્દ્ધમાન માટે ગૌરવની વાત હોઈ શકે, હાથીને વશ કરવો એ રાજકુમાર વર્દ્ધમાન માટે પ્રશંસનીય કાર્ય હોઈ શકે પણ ભગવાન મહાવીરને માટે નહિ. આચાર્યોએ તે યોગ્ય સ્થાને

જ દર્શાવ્યાં છે. વનવિહારી, પૂર્ણ અભયને પ્રાપ્ત મહાવીર અને પૂર્ણ વીતરાગી, સર્વની સ્વતંત્રતાના ઉદ્‌ઘોષક તીર્થંકર ભગવાન મહાવીરને માટે સાપથી ન ડરવું કે હાથીને વશ કરવો એ કયું મહત્ત્વ ધરાવે છે?

જેવી રીતે બાળકનો જન્મ થતાં ઇષ્ટ–મિત્રો અને સંબંધીઓ વસ્ત્રાદિ લાવે છે અને કોઈ કોઈ વાર તો સેંકડો જોડી વસ્ત્રો બાળકને માટે એકઠાં થઈ જાય છે. લાવે છે તો બધા બાળકને અનુરૂપ જ, પણ તે (બધાં) કપડાં તો બાળકને પહેરાવી શકાતાં નથી. દરેક બાળક દિન–પ્રતિદિન વધતું જાય છે, વસ્ત્ર તો વધતાં નથી. જ્યારે બાળક ૨૦–૨૫ (વીસ–પચ્ચીસ) વર્ષનું થઈ જાય, ત્યારે કોઈ પણ તેને તે જ વસ્ત્રો પહેરાવવાનું વિચારે, તો જન્મ વખતે આવેલાં અને જેનો ઉપયોગ થઈ શક્યો નહોતો તે વસ્ત્રો શું ૨૦–૨૫ (વીસ–પચ્ચીસ) વર્ષના યુવકને બંધબેસતાં થશે? બંધબેસતાં ન થતાં વસ્ત્ર લાવનારને સારું–નરસું કહેનારની મૂર્ખાઈ ગણાશે પણ વસ્ત્ર લાવનારની નહીં જ. એવી જ રીતે મહાવીરનાં વર્દ્ધમાન, વીર, અતિવીર વગેરે નામ તેમને તે સમયે આપવામાં આવ્યા હતા, જ્યારે તેઓ નિરંતર વિકાસ કરી રહ્યા હતા, સન્મતિ (મતિજ્ઞાની) હતા, બાળક હતા, રાજકુમાર હતા. તે જ ઘટનાઓ અને નામો દ્વારા આપણે તીર્થંકર ભગવાન મહાવીરને સમજવા અને સમજાવવા ઈચ્છીએ તો એ આપણી બુદ્ધિની જ ખામી છે, તે લખનાર આચાર્યોની નહિ. તે નામ, તે વીરતાની ચર્ચાઓ, તેના યોગ્ય સમયે સાર્થક હતી.

તીર્થંકર મહાવીરના વિરાટ વ્યક્તિત્વને સમજવા માટે આપણે તેમને વિરાગી–વીતરાગી દ્રષ્ટિકોણથી જોવા પડશે. તે ધર્મક્ષેત્રના વીર, અતિવીર અને મહાવીર હતા, યુદ્ધક્ષેત્રના નહિ. યુદ્ધક્ષેત્ર અને ધર્મક્ષેત્રમાં બહુ મોટો તફાવત છે. યુદ્ધક્ષેત્રમાં શત્રુનો નાશ કરવામાં આવે છે અને ધર્મક્ષેત્રમાં શત્રુતાનો. યુદ્ધક્ષેત્રમાં પરને જીતવામાં આવે છે અને ધર્મક્ષેત્રમાં પોતાને. યુદ્ધક્ષેત્રમાં પરને મારવામાં આવે છે અને ધર્મક્ષેત્રમાં પોતાના વિકારોને.

મહાવીરની વીરતામાં દોડધામ નથી, ઉછળકૂદ નથી, મારફાડ નથી, હાહાકાર નથી, અનંત શાંતિ છે. તેમના વ્યક્તિત્વમાં વૈભવની નહિ, વીતરાગ–વિજ્ઞાનની વિરાટતા છે.

એક વાત એ પણ છે કે દુર્ઘટનાઓ કાં તો પાપના ઉદયથી થાય છે અથવા તો પાપભાવના કારણે થાય છે. જેના જીવનમાં ન તો પાપનો ઉદય હોય અને ન પાપભાવ હોય, તો પછી તેમને માટે દુર્ઘટના ક્યાંથી અને કેવી રીતે હોઈ શકે? અનિષ્ટ સંયોગ પાપના ઉદય વિના શક્ય નથી તથા વૈભવ અને ભોગોમાં ફસાવાનું પાપભાવ વિના અશક્ય છે. ભોગના ભાવરૂપ પાપભાવના સદ્‌ભાવમાં બનનાર ઘટનાઓમાં લગ્ન એક એવી દુર્ઘટના છે કે જે બનતાં દુર્ઘટનાઓનો એક કદી અંત ન આવે તેવો ક્રમ શરૂ થઈ

જાય છે. સદ્ભાગ્યે મહાવીરના જીવનમાં આ દુર્ઘટના ન બની શકી. એક કારણ એ પણ છે કે તેમનું જીવન ઘટનાપ્રધાન નથી.

લોકો કહે છે કે બાળપણમાં કોની ઉપર, શું શું નથી વીતતું ? કોનાં ઘૂંટણ છોલાતાં નથી ? કોના દાંત તૂટતા નથી ? મહાવીરને પણ ચોક્કસ આવું બધું બન્યું જ હશે ? ભલે, આચાર્યોએ ન લખ્યું હોય, પણ ભાઈ સાહેબ ! આવી દુર્ઘટનાઓ બાલ્યાવસ્થાથી નથી આવતી પણ બાલ્યભાવથી આવે છે. મહાવીરને બાળપણ તો આવ્યું હતું પણ (તેમનામાં) બાલ્યભાવ નહોતો તેથી ઘૂંટણ છોલાવાં કે દાંત તૂટવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. તે તો બાળપણથી જ સરળ, શાન્ત અને ચિન્તનશીલ વ્યક્તિત્વના ધણી હતા. ઉપદ્રવ કરવાનું તેમના સ્વભાવમાં જ નહોતું અને ઉપદ્રવ વિના ઘૂંટણ છોલાવાં કે દાંત તૂટવાનું શક્ય નથી.

રાગ સંબંધી વિકાર ભોગોમાં પ્રગટ થાય છે અને દ્વેષ સંબંધી વિકાર વિદ્રોહમાં પ્રગટ થાય છે. ન તે રાગી હતા કે ન દ્વેષી. તેથી ન તો તે ભોગી હતા કે ન દ્રોહી.

મહાવીરે વિદ્રોહ (વિરોધ) કર્યો હતો. વિદ્રોહ, દ્રોહનો જ એક ભેદ છે. દ્રોહ પોતે જ એક વિકાર છે. તેમણે ન પોતા પ્રત્યે દ્રોહ કર્યો કે ન બીજાઓ પ્રત્યે, તેમણે દ્રોહનો અભાવ કર્યો હતો તેથી તેમને અદ્રોહી જ કહી શકાય, વિદ્રોહી નહિ. દ્રોહ, દ્રોહને ઉત્પન્ન કરે છે; દ્રોહથી અદ્રોહની ઉત્પત્તિ થઈ શકતી નથી. તેમણે કોઈના પ્રત્યે વિદ્રોહ કરીને ઘર છોડયું નહોતું. તેમનો ત્યાગ વિદ્રોહમૂલક નહોતો. તેમના ત્યાગ અને સંયમનાં કારણોની શોધ બીજાઓમાં કરવી એ મહાવીર પ્રત્યે અન્યાય છે. તે 'ન કોઈ સાથે દોસ્તી, ન કોઈ સાથે વેર' ના રસ્તે ચાલ્યા હતા.

વીતરાગી માર્ગે ચાલનાર વિરાગી મહાવીરને સમજવા માટે તેમના અંતરમાં ડોકિયું કરવું પડશે. તેમનો વૈરાગ્ય દેશ–કાળની પરિસ્થિતિઓથી ઉત્પન્ન થયો નહોતો. તેનું કારણ તેમના અંતરંગમાં વિદ્યમાન હતું. તેમનો વૈરાગ્ય પરોપજીવી નહોતો. જે વૈરાગ્ય કોઈ વિશિષ્ટ પરિસ્થિતિઓથી ઉત્પન્ન થાય છે તે ક્ષણિક હોય છે. પરિસ્થિતિ બદલાતાં જ તે નષ્ટ થઈ જાય એ સંભવિત છે.

કેટલાકનું એમ પણ કહેવું છે કે બાળપણમાં ભલે ઘટનાઓ ન બની હોય પણ યુવાની તો ઘટનાઓનો જ સમયગાળો છે. યુવાનીમાં તો કાંઈક ને કાંઈક ઘટના બની જ હશે. પણ ભાઈ ! યુવાનીમાં દુર્ઘટનાઓ એને આવે છે જેના ઉપર યુવાની સવાર થાય છે, મહાવીર તો યુવાની ઉપર સવાર થયા હતા, યુવાની તેમના ઉપર નહિ. યુવાની સવાર થવાનો અર્થ છે–યૌવન સંબંધી વિકારોની ઉત્પત્તિ થવી. અને યુવાની ઉપર સવાર થવાનો અર્થ છે શારીરિક સૌષ્ઠવની પૂર્ણતાને પ્રાપ્ત કરવી.

જો દેશ–કાળની પરિસ્થિતિઓ મહાવીરને અનુકૂળ હોત તો શું તે વૈરાગ્ય ધારણ ન કરત? ગૃહસ્થ બનત? રાજ્ય કરત? ના, કદી નહીં. અને પરિસ્થિતિઓ તેમને પ્રતિકૂળ હતી જ ક્યારે? તીર્થંકર મહા પુણ્યશાળી મહાપુરુષ હોય છે તેથી પરિસ્થિતિઓનું પ્રતિકૂળ હોવું શક્ય નહોતું.

વૈરાગ્ય કે વિરાગ, રાગના અભાવનું નામ છે, વિદ્રોહ–દ્વેષનું નામ નથી. તે રાગના અભાવના કારણે વૈરાગી બન્યા હતા, વિદ્રોહને કારણે નહિ. મહાવીર વૈરાગી રાજકુમાર હતા, ન કે વિદ્રોહી. મહાવીર જેવા અદ્રોહી મહા માનવમાં વિદ્રોહની શોધ કરવી એ અભૂતપૂર્વ શોધબુદ્ધિનું પરિણામ છે, રેતીમાંથી તેલ કાઢવા જેવો પ્રયત્ન છે, જેને આદિ અંત નથી એવી, વંધ્યાપુત્રના લગ્નના વર્ણન જેવી, એ કલ્પના છે.

ઘરમાં જે કાંઈ ઘટના બને છે તે પોતાના તરફથી બને છે પણ વનમાં તો બહારથી થોડી ઘણી ઘટનાઓ બની જવાના પ્રસંગ આવે છે કારણકે ઘરમાં બહારના આક્રમણથી રક્ષણ મેળવવાની વ્યવસ્થા ઘણું કરીને રહે છે, જો કોઈ મુશ્કેલી આવે તો તે અંતરના વિકારોના કારણે જ થતી દેખવામાં આવે છે પણ વનમાં બહારથી રક્ષણની વ્યવસ્થાનો અભાવ હોવાથી, ઘટનાઓ બનવાની સંભાવના વધારે રહે છે. સ્વીકારી લઈએ કે મહાવીરનું અંતર વિશુદ્ધ હતું તેથી ઘરમાં તો ઘટના કાંઈ ન બની પણ વનમાં તો બની જ હશે?

હા, હા ઘટના જરૂર બની હતી, પણ લોકો જે ઘટના બનવાની માને છે, તેવી કાંઈ બની નહોતી. રાગ–દ્વેષ ઘટી ( ઓછા થઈ ) ગયા હતા, તેથી તો તે વનમાં ગયા જ હતા. શું રાગ–દ્વેષ ઘટી જવા એ શું કાંઈ ઘટના નથી? પરંતુ બહિર્મુખ દ્રષ્ટિવાળાઓને રાગ–દ્વેષ ઘટે તેમાં કાંઈ ઘટયું હોય તેવું નથી લાગતું. તિજોરીમાંથી લાખ બે લાખ રૂપિયા ઘટે, શરીરમાંથી કાંઈક લોહી ઘટે, આંખ, કાન, નાક ઘટે તો તેમને ઘણી મોટી ઘટના લાગે છે, પણ રાગ–દ્વેષ ઘટી જાય તો તેમને કાંઈ ઘટયું ( બન્યું ) લાગતું જ નથી. વનમાં જ મહાવીર રાગમાંથી વીતરાગી થયા હતા, અલ્પજ્ઞાનીમાંથી પૂર્ણજ્ઞાની બન્યા હતા. સર્વજ્ઞપણું અને તીર્થંકરપણું વનમાં જ મેળવ્યું હતું, શું આ ઘટનાઓ નાનીસૂની છે? શું ઓછી છે? આથી મોટી કોઈ ઘટના હોઈ શકે? માનવમાંથી ભગવાન બની જવાની ઘટના શું નાની છે? પણ જગતને તો આમાં કાંઈ ઘટના જેવું જ લાગતું નથી. તોડ–ફોડની રુચિવાળી દુનિયાને તોડફોડમાં જ ઘટના દેખાય છે, અંતરમાં શાંતિથી ભલે ગમે તે ઘટે ( બને ) પણ તેને તે ઘટના જેવું લાગતું નથી. અંતરમાં જે કાંઈ ક્ષણે ક્ષણે ઘટી રહ્યું છે–બની રહ્યું છે, તે તો તેને દેખાતું નથી, બહારમાં કાંઈક ઉથલપાથલ થાય ત્યારે જ કાંઈક ઘટયું ( બન્યું ) લાગે છે.

જ્યાંસુધી દેવાંગનાઓ લલચાવવા ન આવે અને તેઓ લલચાવવા છતાં પણ કોઈ મહાપુરુષ ન ડગે, ત્યાંસુધી આપણને તેમના વૈરાગ્યમાં શંકા રહ્યા કરે છે. જ્યાંસુધી કોઈ પથ્થર વરસાવે નહિ, ઉપદ્રવ કરે નહિ અને ઉપદ્રવમાં પણ કોઈ મહાત્મા શાંત રહે નહિ ત્યાંસુધી આપણને તેમની વીતદ્વેષતા સમજાતી નથી. જો પ્રબળ પુણ્યોદયથી કોઈ મહાત્માને આ જાતના પ્રતિકૂળ સંયોગો ન બને, તો શું તે વીતરાગી અને વીતદ્વેષી ન બની શકે? શું વીતરાગી અને વીતદ્વેષી બનવા માટે દેવાંગનાઓની લાલચ અને રાક્ષસોનો ઉપદ્રવ આવશ્યક છે? શું વીતરાગતા આ કાલ્પનિક ઘટનાઓ વિના મેળવી ન શકાય–જોઈ ન શકાય? શું મારે ક્ષમાવાન બનવા માટે બીજાઓનાં ગાલીપ્રદાન, સતામણી વગેરે જરૂરી છે? શું એમના સતાવ્યા વિના પણ હું શાંત ન થઈ શકું? આ કેટલાક એવા પ્રશ્નો છે કે જે, બહારના પ્રસંગોના અભાવને કારણે મહાવીરના ચારિત્રમાં નીરસતા માનનાર અને તેથી ચિંતિત થનારાઓએ વિચારવા જેવા છે.

વનમાં જતાં પહેલાં જ મહાવીર ઘણા ખરા વીતરાગી થઈ ગયા હતા. રહ્યા સહ્યા રાગ પણ તોડીને, પૂર્ણ વીતરાગી બનવા માટે, નગ્ન દિગંબર થઈને વનમાં જવા નીકળી પડયા હતા. તેમને માટે વન કે નગરનો કોઈ ભેદ રહ્યો નહોતો. બધું જ છૂટી ગયું હતું, તે બધાથી છૂટી ગયા હતા. તેમણે બધું જ છોડયું હતું, કાંઈ રાખ્યું નહોતું. તે સાધુ બન્યા નહોતા, થઈ ગયા હતા. સાધુ બનવામાં તો વેશ બદલવો પડે છે, સાધુ થવામાં પોતે જ બદલાઈ જાય છે. પોતે બદલાતાં વેશ પણ સહજ જ બદલાઈ જાય છે. વેશ બદલાય છે શું, સહજ વેશ થઈ જાય છે. જન્મ્યા પ્રમાણેનો વેશ થઇ જાય છે. જેવા જન્મ્યા હતા તેવા જ રહી જાય છે, બાકી બધું છૂટી જાય છે.

ખરેખર તો સાધુનો કોઈ વેશ જ નથી, સર્વ વેશોનો ત્યાગ જ સાધુનો વેશ છે. વેશ બદલવાથી સાધુપણું આવતું નથી, સાધુપણું આવતાં વેશ છૂટી જાય છે. જન્મસમયનું રૂપ ( નગ્નપણું ) જ સહજ વેશ છે, બીજા બધા વેશ તો શ્રમસાધ્ય છે, ધારણ કરવારૂપ છે. તે સાધુના વેશ હોઈ શકે નહિ કારણકે તેમાં પરિગ્રહનું બંધન અનિવાર્ય છે, સાધુપણું બંધન નથી. તેમાં સર્વ બંધનોનો અસ્વીકાર છે. સાધુનો કોઈ વેશ નથી, વેશ તો સાજ–શણગાર છે. સાધુને સાજ–શણગારની નવરાશ જ ક્યાં છે? તેમનામાંથી શણગાર કરવાનો ભાવ જ ચાલ્યો ગયો છે. શણગારમાં 'હું બીજાઓની દ્રષ્ટિમાં કેવો દેખાઉં છું? ' નો ભાવ મુખ્ય રહે છે. સાધુને બીજાઓથી પ્રયોજન જ નથી. તે જેવા છે – તેવા જ છે. તે પોતામાં એવા મગ્ન છે કે બીજાઓના વિષયમાં વિચારવાનું તેમને કામ જ નથી. બીજા તેમના વિષયમાં શું વિચારે છે તેની તેમને દરકાર નથી; તેથી તેમનો કોઈ વેશ હોતો નથી.

દિગંબરત્વ કોઈ વેશ નથી, સંપ્રદાય નથી, વસ્તુનું સ્વરૂપ છે. પણ આપણે વેશ જોવાને એવા ટેવાઈ ગયા છીએ કે વેશ વિનાનો વિચાર કરી શકતા નથી. આપણી ભાષા વેશની ભાષા બની ગઈ છે, તેથી આપણે માટે દિગંબરપણું પણ વેશ બની ગયો છે; બની શું ગયો–કહેવાવા લાગ્યો છે. બધા વેશોમાં કાંઈક ઉતારવું પડે છે અને કાંઇક પહેરવું પડે છે પણ આમાં તો બધું છોડવાનું જ છે, રાખવાનું કાંઈ પણ નથી. છોડવાનું પણ શું ? અલગ થવાનું છે, છૂટવાનું છે. અંદરથી બધું છૂટી ગયું છે, દેહ પણ છૂટી ગયો છે, પણ બહારથી હજી વસ્ત્ર જ છૂટયાં છે, દેહ છૂટવામાં હજી થોડો સમય લાગવાનો પણ એ ય છૂટવાનો છે. કેમ કે તેના પ્રત્યે પણ જે રાગ હતો, તે છૂટી ગયો છે. શરીર રહ્યું છે તો ભલે રહ્યું, જ્યારે છૂટવાનું હશે ત્યારે છૂટી જશે પણ એની દરકારે ય છૂટી ગઈ છે.

મહાવીર મુનિરાજ વર્દ્ધમાન નગર છોડીને વનમાં ચાલ્યા ગયા. પણ તે વનમાંય ક્યાં ગયા છે ? તે તો પોતામાં ચાલ્યા ગયા છે, તેમને વનમાં પણ પોતાપણું ક્યાં છે ? તેમને વનવાસી કહેવા એ પણ ઉપચાર છે, કેમ કે તે વનમાં પણ ક્યાં રહ્યા છે ? તે તો આત્મવાસી છે. ન તો તેમને નગરનું વળગણ છે, ન વનનું. તે તો બન્નેથી જુદા થઈ ગયા છે. તે તો પરથી અળગા ને અળગા જ ( રહ્યા ) છે.

રાગી વનમાં જશે તો ઝૂંપડી બનાવશે, ત્યાં પણ ઘર વસાવશે, ગામ અને નગર વસાવશે, ભલે એનું નામ ગમે તે હોય, પણ છે તો તે ઘર જ. રાગી વનમાં પણ મંદિરના નામે મહેલ જ વસાવશે. તે વનમાં પણ બાગ બનાવશે. તે વનમાં રહીને પણ મહેલને છોડશે નહિ.

તેમનું ચિત્ત જગત પ્રત્યે સજાગ નહોતું, આત્મનિષ્ઠ હતું. દેશકાળની પરિસ્થિતિઓને કારણે તેમણે પોતાની વાસનાઓનું દમન નહોતું કર્યું. તેમને દમનની આવશ્યકતા પણ નહોતી, કેમ કે વાસનાઓ સ્વયં નાશ પામી હતી.

તેમણે સંપૂર્ણપણે મૌન ધારણ કરી લીધું હતું, તેમને બોલવાનો ભાવ પણ રહ્યો નહોતો. વાણી પર સાથે જોડે છે. તેમને પર સાથે જોડવું જ નહોતું. વાણી વિચારોની વાહક છે, તે વિચારોનું આદાન–પ્રદાન કરવામાં નિમિત્ત છે, તે સમજવા સમજાવવામાં કામ આવે છે. તેમને કોઈ પાસેથી કાંઈ સમજવું જ નહોતું, જે સમજવા જેવું હતું તેને તે સારી રીતે સમજી ચૂકયા હતા, હવે તો તેમાં તે મગ્ન હતા. તેમને કોઈને સમજાવવાનો રાગ પણ રહ્યો નહોતો, તેથી વાણીનું શું પ્રયોજન ? વાણી તેમને પ્રાપ્ત હતી પણ વાણીની તેમને આવશ્યકતા જ નહોતી. જે એમને જોઈએ જ નહિ, તે રહે તો રહે, તેનાથી તેમને શું ? રહે તોય ઠીક, ન રહે તોય ઠીક, તે તો નિરંતર આત્મચિંતનમાં જ મગ્ન રહેતા હતા.

ન્હાવું–ધોવું બધું જ છૂટી ગયું હતું. તે સ્નાન અને દંતમંજનના વિકલ્પથી પણ ભિન્ન હતા. શત્રુ અને મિત્રમાં સમભાવ રાખનાર મુનિરાજ વર્દ્ધમાન ગિરિ–ગુફાઓમાં વાસ કરતા હતા. વાસ્તવમાં ન તેમને કોઈ શત્રુ રહ્યો હતો કે ન કોઈ મિત્ર. મિત્ર અને શત્રુ રાગ–દ્વેષનું પરિણામ છે, વીતરાગીને કોણ મિત્ર અને કોણ શત્રુ ? કોઈ તેમની સાથે દુશ્મનાવટ કરો તો કરો, મૈત્રી કરો તો કરો, તેમના ઉપર તેઓની કોઈ અસર થતી નથી. શત્રુ–મિત્ર પ્રત્યે, સમભાવનો અર્થ જ શત્રુ–મિત્રનો અભાવ છે. તેમને માટે તેમનો ન કોઈ શત્રુ હતો, ન કોઈ મિત્ર. બીજાઓ તેમને પોતાના શત્રુ માને તો માનો, પોતાના માને તો માનો. હવે તે કોઈના કાંઈ પણ રહ્યા નહોતા. કોઈના કાંઈ રહેવામાં કાંઈક આસક્તિ રહે છે. તેમને જગત પ્રત્યે કાંઈ આસક્તિ જ રહી નહોતી.

એક અઘટ (અશરીરી થવારૂપ) ઘટના મહાવીરના જીવનમાં અવશ્ય ઘટી (બની) હતી, આજથી ૨૫૦૧ વર્ષ પહેલાં દીપાવલીના દિવસે જ્યારે તે ઘટથી (શરીરથી) ભિન્ન થઈ ગયા, અઘટ (અશરીરી) થઈ ગયા હતા. ઘટ–ઘટના વાસી (જાણનાર) હોવા છતાં પણ ઘટવાસીય નહોતા રહ્યા. ગૃહવાસી અને વનવાસી તો બહુ દૂરની વાત છે, અંતિમ ઘટ (શરીર) પણ છોડીને મુક્ત થઈ ગયા હતા. આનાથી અભૂતપૂર્વ ઘટના કોઈના જીવનમાં કોઈ બીજી હોઈ શકે નહિ. પણ આ જગત એને ઘટના માને ત્યારે ને!

આ રીતે જગતથી સર્વથા અલિપ્ત, સંપૂર્ણ આત્મનિષ્ઠ મહાવીરનું જીવન સમજવા માટે તેમના અંતરમાં જોવું પડશે કે તેમના અંતરમાં શું શું ઘટયું (બન્યું) ? તેમને બહારની ઘટનાઓમાં બાંધવાનું શક્ય નથી. જો આપણે તેમના ઉપર અઘટ (ન બનેલી) ઘટનાઓ લાદવાની કોશિશ કરશું તો વાસ્તવિક મહાવીર અદ્રશ્ય બની જશે, તે આપણા હાથમાંથી બહાર નીકળી જશે અને જે મહાવીર આપણા હાથમાં આવશે, તે સાચા મહાવીર નહિ હોય, મારી–તમારી કલ્પનાના મહાવીર હશે. જો આપણે સાચા મહાવીર મેળવવા હોય તો તેમને કલ્પનાની જાળમાં ન ઘેરો. તેમને સમજવાનો પ્રયત્ન કરો. આપણી પોતાની વિકૃત કલ્પનાઓ તેમના પર લાદવાનો અનધિકાર પ્રયત્ન ન કરો.

---

* આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે–ક્ષણે ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. (શ્રીમદ્ રાજચંદ્ર)


---

**ગતાંકની શુદ્ધિઃ અંક નં. ૩૮૫ માં છેલ્લા પાને (અણમુલા રત્નો) ૧૩ મી લીટીમાં મુક્તિના બદલે ભુક્તિ સુધારીને વાંચવું.**

# જ્ઞા ન ગો ષ્ઠી

* પ્રમાણજ્ઞાન લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી ત્યાં એમ કહેવું છે કે, અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાન્ત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણજ્ઞાન લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી.
* દ્રવ્ય પર્યાયનો દાતા નથી તેમ યોગસારમાં આવે છે. એ કથન દ્રવ્યાર્થિકનયનું છે અને દ્રવ્ય પર્યાયરૂપે પરિણમે છે એ કથન પર્યાયાર્થિકનયનું છે. ત્યાં પણ દ્રવ્યસામાન્ય તો સામાન્યરૂપે જ રહ્યું છે, પણ દ્રવ્યનો એક ધર્મ વિશેષપણે પરિણમવાનો છે તેથી દ્રવ્ય પરિણમે છે તેમ કહ્યું છે.
* સમયસાર ગાથા. ૫૦ થી ૫૫ માં અનુભૂતિને આત્મા કહ્યો છે ત્યાં જેટલા વિકલ્પો ઊઠે છે તેનાથી ભિન્ન અને સ્વથી અભિન્ન કહેવું છે, તેથી અનુભૂતિની નિર્મળ પર્યાયને આત્મા કહ્યો છે. પણ જ્યારે એ અનુભૂતિ કેમ પ્રગટે છે તે બતાવવું હોય ત્યારે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય તે સ્વ છે ને તેનો આશ્રય કરનાર પર્યાય તે પર છે, ભિન્ન છે તેમ નિયમસાર ગાથા ૫૦ માં કહ્યું છે. એ અનુભૂતિની નિર્મળ પર્યાય ધ્રુવ દ્રવ્યને સ્પર્શતી નથી ને ધ્રુવ દ્રવ્ય અનુભૂતિને સ્પર્શતું નથી અહો.! આ તો પરમ અધ્યાત્મના અંદરના ગંભીર સૂક્ષ્મ ભાવો છે. જાણનક્રિયા અને ત્રિકાળી ધ્રુવદ્રવ્ય એ એક બીજાને સ્પર્શતાં નથી, છતાં જાણનક્રિયાનો આધાર આત્મદ્રવ્ય છે.
* પ્રશ્નઃ– બે નયોને જાણવાનું કહ્યું છે ને?

ઉત્તરઃ– જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જાણવા માટે તો બધા નયો કહ્યા છે, પણ ધર્મરૂપ પ્રયોજનની સિદ્ધિ માટે તો એકરૂપ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યસામાન્યદ્રવ્ય છે તે જ આશ્રય કરવા યોગ્ય છે. જાણવાના વિષયમાં આદરવાપણું માની લેતાં દ્રષ્ટિની વિપરીતતા થાય છે. **[ જગ્યાના અભાવે, વધુ આવતા અંકમાં. ]**




સુરેન્દ્રનગરનિવાસી શ્રી મગનલાલ તલકશી શાહનું તા. ૨૮-૧૧-૭૫ ના રોજ હાર્ટ એટેકથી અવસાન થયું છે. સ્વ. શ્રી મગનભાઈએ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ (સોનગઢ) ના ટ્રસ્ટી તરીકે ઘણા વર્ષો સુધી સેવા આપી હતી. તેઓ પૂ. ગુરુદેવના જૂના પરિચિત, પરમ ભક્ત તથા વ્યાખ્યાન વાણીમાં ઊંડો રસ લેનાર જિજ્ઞાસુ હતા. તેઓ અધ્યાત્મતત્ત્વ પ્રેમી તેમ જ સૂક્ષ્મ વિચારક હતા, તત્ત્વનું ઊંડું મનન અને મંથન કરતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મરહસ્યઝરતી અમૃતવાણીનો લાભ લેવા માટે તેઓ અવારનવાર સોનગઢ આવતા હતા.

લીંબડીનિવાસી શ્રી કેશવલાલ ગુલાબચંદ સંઘવી (ઉ. વ. ૮૧) તા. ૨૭-૧૧-૭૫ ના પરોઢિયે વીતરાગી ધર્મનું સ્મરણ કરતાં કરતાં શાંતિપૂર્વક અવસાન પામેલ છે. તેઓ લીંબડી દિગંબર જૈન મુમુક્ષુમંડળના અગ્રગણ્ય હતા. જિનમંદિરની ભક્તિપૂર્વક દેખરેખ રાખતા હતા અને અવારનવાર પૂ. ગુરુદેવનાં દર્શન-વાણીનો લાભ લેવા સોનગઢ આવતા હતા.

સદ્ગત આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના તથા પૂજ્ય ગુરુદેવના પાવન સમાગમના પ્રતાપે પ્રાપ્ત કરેલા સંસ્કાર બળે શીઘ્ર શાશ્વત્ પરમાનંદમય આત્મલાભ પામો.

* * * * * *

હે ભાઈ! ક્ષણભંગુર સંસારની તો આવી જ સ્થિતિ છે, તારે જન્મ-મરણના દુઃખોથી બચવું હોય તો તારા અવિનશ્વર મહાન ચૈતન્યતત્ત્વને લક્ષગત કરી અનુભવમાં લે.

શ્રી પદ્મનંદિઆચાર્યદેવ કહે છે કે –

હે ભવ્ય જીવ! ઘણા પુણ્યકર્મના ઉદયથી તને આ મનુષ્ય જન્મની પ્રાપ્તિ થઈ છે તેથી શીઘ્ર તારું હિત થાય એવું કાર્ય કર.

જ્યારે મોટા મોટા ઋદ્ધિધારી ઇન્દ્ર, નરેન્દ્ર, નાગેન્દ્ર આદિ પણ પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં મરી જાય છે તો કીડા સમાન નિર્બળ તથા થોડા આયુષ્યવાળા અન્યજનની શું વાત? અર્થાત્ તે તો અવશ્ય મરશે જ. તેથી આચાર્યદેવ ઉપદેશ દે છે કે પોતાનાં પ્રિય સ્ત્રી, પુત્રાદિના મરણ પર શોક ન કરતાં કોઈ એવું કામ કર કે જેથી તારે ફરીને મરવું ન પડે.

## સંતોના વૈરાગ્યપ્રેરક ઉદ્‌ગાર

(૧) દેહ છૂટવાનો કાળ સમયે સમયે નજીક આવી રહ્યો છે. જો વાસ્તવિકપણે એ દેહને નહિ છોડે તો દેહ છૂટવા ટાણે, ખરેખર એણે દેહને છોડયો નથી પરંતુ દેહે એને છોડયો છે. આગમમાં જેવું વસ્તુસ્વરૂપ કહ્યું છે એના સમ્યક્ નિર્ણય વિના એ વાસ્તવિકપણે દેહને છોડી શકશે નહીં. (પૂ. ગુરુદેવ)

(૨) તારા સ્વભાવ સિવાય, ભાઈ! બીજે ક્યાંય તને મીઠાશ રહી ગઈ હશે તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે; ચૈતન્યની મીઠાશમાં પરની મીઠાશ તને વિઘ્ન કરશે. માટે હે ભાઈ! સમજીને પરની મીઠાશ છોડ. (પૂ. ગુરુદેવ)

(૩) પોતાના આનંદનિધાનને ભૂલેલું અને આત્માના અતીન્દ્રિય આનંદને નહિ પામેલું આખું જગત ભીખારી છે; કેમ કે ધન આદિ વિષયો પાસે તે આનંદની ભીખ માગી રહ્યું છે. સંતો તેને સંબોધે છે કે, અરે! વિષયોના ભીખારી! તું તો ચૈતન્ય રાજા છો, રાજા થઈને તું ભીખ કાં માગ? તારામાં તો અતીન્દ્રિય આનંદનાં નિધાન ભરેલાં છે, તું ઇન્દ્રિય-વિષયો પાસે ભીખ ન માગ, જરા શરમા! ભીખારીપણું છોડીને તારા આનંદ-નિધાનને સંભાળીને અતીન્દ્રિય આનંદનો ભોક્તા બન. (પૂ. ગુરુદેવ)

(૪) ભોગ, આયુ, કાળ અને સંપદાઓમાં જે અસ્થિરપણું છે તેને હું એક પ્રકારનો ગુણ જ માનું છું, કારણ કે જો તે બધાં સ્થિર હોય તો મુક્તિ કઈ રીતે પ્રાપ્ત થાય? અને મુક્તિ વિના સુખ શી રીતે પામી શકાય? (શ્રી ગુણભદ્રઆચાર્ય)

(૫) આ પ્રાણીને શરીરમાં નિવાસ કરવાથી તો ભય લાગતો નથી, પરંતુ તેમાંથી નીકળવામાં મોટો ભય લાગે છે. ખરેખર! આ સંસારમાં મોક્ષમાર્ગથી વિપરીત જ પ્રવૃત્તિ થઈ રહી છે. (શ્રી ગુણભદ્રઆચાર્ય)

(૬) જે પ્રમાદીઓ શુદ્ધ ચિદ્રૂપના ચિંતનને તજીને, અન્ય કાર્ય કરે છે તેઓ અમૃતને છોડીને વિષને પીએ છે. (તત્ત્વજ્ઞાનતરંગિણી)

(૭) અમે તો આખી મુંબઈને સ્મશાન સમાન જોઈએ છીએ. (શ્રીમદ્ રાજચંદ્ર)

(૮) અન્ય મનુષ્ય તો પોતાનાં દુઃખોથી પણ વિરક્ત થતા જોવામાં આવતા નથી, પરંતુ જે સજ્જન (જ્ઞાની) છે તેઓ બીજાનાં દુઃખોના અવલોકનમાત્રથી જ મહા વિભૂતિનો પણ ત્યાગ કરી દે છે. (શ્રી ગુણભદ્રાચાર્ય)

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) માગશર
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૧૦૦